
પ્રાપ્તિસ્થાન —
શ્રીજૈનાનંદપુસ્તકાલય,
ગોપીપુરા, સુરત.



મુદ્રક —
બાલુભાઈ હીરાલાલ લાલન.
સરસ્વતી મુદ્રણાલય
ગોપીપુરા, સુરત.

અર્પણ-પત્રિકા

આગમોદ્ધારક જૈનાચાર્ય
શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીની
પાસે ભાગવતી પ્રવ્રજ્યા ગ્રહણ કરનારા,
આચાર્યદેવના સ્વહસ્તે આચાર્યપદ પર્યંતની
અનુપમ પદવીઓ પ્રાપ્ત કરનારા, પટ્ટધર,
વિદ્યાવ્યાસંગી સંગીતના અભ્યાસી,
નિરભિમાની અને આત્માર્થી
શ્રીમાણિક્યસાગરસૂરિજીના
પુનિત કરકમલમાં
વિદ્યાવારિધિ ઉમાસ્વાતિના
વચનામૃતનું
આકંઠ
પાન કરાવનાર,
વ્યાખ્યાનમાળારૂપ
આ પુસ્તક અમે સાદર
સમર્પિત કરીએ
છીએ

વીરસંવત ૨૪૭૫

નિ૦ ભવદીય શિશુ
કંચનવિજય, ક્ષેમંકરસાગર

અનુક્રમણિકા.



પ્રકાશકનું વક્તવ્ય

અમારી આ શ્રીજૈનપુસ્તકપ્રચારકસંસ્થા પૂર્વાચાર્યોની અને પરમ તારક ગુરુદેવ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજની કૃતિઓનું પ્રકાશન કરે છે અને ભવિષ્યમાં પણ પૂર્વાચાર્યોની, ગુરુદેવશ્રીની તેમજ તેવી શાસનને ઉપયોગી બીજી આધુનિક કૃતિઓનું પણ પ્રકાશન કરવા ભાવના સેવે છે તે પૈકી પ્રસ્તુત ઉમાસ્વાતિ વાચકવર્યના આ પ્રશમરતિપ્રકરણના શ્લોક ૧૬૨ને અંગેના વ્યાખ્યાનો અને તત્ત્વાર્થસૂત્રની સંબંધકારિકાની ગાથા ૧ અને ૮ સંબંધી વ્યાખ્યાનો પરમ તારક ગુરુદેવશ્રીનાં આપેલાં તે આ પુસ્તકમાં "પ્રશમરતિ અને સંબંધકારિકા" ના નામથી પ્રગટ કરે છે

પ્રોફેસર કાપડિયાએ આપેલી ઉત્થાનિકામાં પરમ તારક ગુરુદેવશ્રીના ગ્રંથ વગેરેનો અમારા પૂર્વના પ્રકાશનમાં લખાઈ ગયેલી ભલામણો સાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યાર બાદ ઉમાસ્વાતિ વાચકવર્યકૃત પ્રશમરતિ અને સંબંધકારિકા વિષે ત્યાર બાદ વાચકવર્યની જીવનરેખા અને એમના કૃતિકલાપ વિષે અને અંતમાં પ્રસ્તુત વ્યાખ્યાનોને અંગે સવિસ્તર ઉલ્લેખ કરવામાં આવેલ છે એટલે અમારે વાચકવર્ગને અંગે કંઈ કહેવાનું રહેતું નથી

પરમ તારક ગુરુદેવશ્રીની આજ દરમ્યાનની સાહિત્ય સંબંધી પ્રવૃત્તિઓનો જૈન તેમજ જૈનેતર સમાજ લાભ લઈ શકે તે હેતુથી તેમના આપેલાં વ્યાખ્યાનોનો આ પ્રબંધ નહીં આ પુસ્તિકાની અંદર તેઓશ્રીની સાહિત્ય-સેવા મુનિરાજ ક્ષેમંકરસાગરજી દ્વારા તથા મુનિરાજ કંચનવિજયજી તથા કરાવાઈ પરિશિષ્ટ ૩-૮ રૂપે આપી છે અને તે અંગે તેમના નિવેદનમાં તેઓએ બધું સ્પષ્ટીકરણ કર્યું છે

આ વ્યાખ્યાનોનો સમગ્ર મુનિરાજ પ્રમોદસાગરજી તથા મુનિરાજ સૌભાગ્યસાગરજી મહારાજ દ્વારા સંકલિત કરેલો અમને મળ્યો છે

અમારા પુસ્તકનું પ્રૂફ જોવાનું કાર્ય મુનિરાજ ગુણસાગરજી મહારાજની પ્રેરણા દ્વારા મુનિરાજ કંચનવિજયજી તથા ક્ષેમંકરસાગરજીએ કરેલું છે

પરમ તારક ગુરુદેવશ્રીનો ઉપકાર તો જેટલો માનીએ તેટલો ઓછો છે. અમારા આ કાર્યને દ્રવ્ય સહાય આપવાના ઉપદેશ દ્વારા અમારા કાર્યને વેગ આપનાર મુનિરાજ ગુણસાગરજી મહારાજનો તથા આ પુસ્તકની ઉત્થાનિકા દ્વારા માર્ગદર્શન કરનાર પ્રોફેસર કાપડિયાનો, આનું પ્રેસમેટર પૂરું પાડનાર મુનિરાજ પ્રબોધસાગરજી તથા સૌભાગ્યસાગરજીનો અને પ્રૂફ વગેરે પ્રેસનું બધું કાર્ય કરી આપનાર મુનિરાજ કંચનવિજયજી તથા ક્ષેમંકરસાગરજીનો એમ અમે સર્વનો આભાર માનીએ છીએ.

સુજ્ઞ વાંચકો અમારા આ પુસ્તકને વાંચશે, અને તેનું મનન કરી આત્માનું કલ્યાણ કરશે.

વી૦ સં૦ ૨૪૭૫ શ્રા૦ વ૦ ૫] પ્રકાશક

સંપાદકીય

પરમ તા૦ ગુરુદેવશ્રીના ચરણકમલની સેવાના પ્રતાપે અમે આ પુસ્તકનું પ્રૂફ જોવા વગેરે કાર્ય કરી શકતા છીએ આ પુસ્તકની અંદર પરમ તા૦ ગુરુદેવશ્રીએ આપેલા ઉમાસ્વાતિવાચકવર્યના પ્રશમરતિપ્રકરણના શ્લો૦ ૧૬૨ના (સં ૨૦૦૨ના કા શુ ૧૧થી આપેલા) આઠ વ્યાખ્યાનો તથા તેમનીજ રચેલી તત્ત્વાર્થસૂત્રની સંબંધકારિકાની કારિકાના અંગે (૨૦૦૧ન વૈ. વ ૧૧થી આપેલા) અગિયાર વ્યાખ્યાનો અને કારિકા ૮ને ઉદ્દેશીને (સં ૨૦૦૨ના માગ૦ સુદ ૪-૫ એ આપેલા) બે વ્યાખ્યાનનો સમાવેશ કરવામાં આવેલ છે ઉમાસ્વાતિવાચકવર્ય અને તેમના તે પ્રશમરતિ અને કારિકાથી જાણી લેવા અમારી ભલામણ છે વ્યાખ્યાનદાતા પરમ તારક ગુરુદેવશ્રીનું તેમાં પણ જીવન આલેખન છે છતાં પ્રસંગવશાત્ વત્ કિંચિત્ અત્રે અમે જોડીએ છીએ

પરમ તારક ગુરુદેવશ્રીએ જૈન શાસનને ભવિષ્ય કાળના માટે કેટલું આપ્યું છે તેનું આપણા જ્યારે જ્યારે પણ તેમના તે સાહિત્યના રસના બિંદુઓનો તાગ લઈ શકીએ તે ત્યારેજ બની શકે કે જો તે બધાનો વિવરણથી અને પૂજન બને તો નામનિર્દેશમાત્રથી જણાવ્યા હોય આ મુદ્દાથી અત્રે આ પુસ્તકની અંદર પરિશિષ્ટ ત્રીજું જે આગમોદ્ધારકની 'સાહિત્ય સેવા'ના નામથી અપાયું છે, તેવું આપવાનો 'ઉત્થાનિકા'નું મુખ્ય કાર્ય પૂરૂં થતા સુધી અમારો વિચાર હતો પરંતુ પછીથી તે વિચારનો ફેરફાર થયો અને એમ થયું કે એમનો

૧-વ્યા. ૧ (પૃ ૧ ૫) વ્યા ૨ (પૃ ૬-૧૩) વ્યા ૩ (પૃ ૧૩-૨૫) વ્યા. ૪ (પૃ ૨૫-૩૩) વ્યા ૫ (પૃ ૩૩-૩૯) વ્યા ૬ (પૃ ૪૦-૪૬) વ્યા ૭ (પૃ ૪૬-૫૫) વ્યા ૮ (પૃ ૫૫-૬૨)

૨-વ્યા ૧ (પૃ ૬૩-૭૭) વ્યા (પૃ ૭૮-૮૯) વ્યા ૩ (પૃ ૯૦-૧૦૨) વ્યા. ૪ (પૃ ૧૦૨-૧૧) વ્યા ૫ (પૃ ૧૧૩-૧૨૧) વ્યા ૬ (૧૨૧-૧૨૮) વ્યા ૭ (પૃ ૧૨૯-૧૩૮) વ્યા ૮ (પૃ ૧૩૯-૧૪૬) વ્યા ૯ (૧૪૬-૧૫૩) વ્યા ૧૦ (પૃ ૧૫૩-૧૬૨) વ્યા ૧૧ (પૃ ૧૬૩-૧૭૧)

૩-વ્યા ૧ (પૃ ૧૭૧-૧૭૭) વ્યા ૨ (પૃ ૧૭૮-૧૮૩)

સાહિત્યક્ષેત્રમાંનો સંપૂર્ણ કાળો જોઇ શકાય. આ ઇરાદાથી નીચે પ્રમાણેના પરિશિષ્ટો કરવાં વ્યાજબી ધારી તે કર્યાં છે.

પરિશિષ્ટ ૩.—એનુ નામ आगमोद्धारकाचार्य**श्रीआनंदसागर-सूरीश्वराणां 'साहित्यसेवा'** છે. તેની અંદર (अ) अप्रसिद्ध स्वरचित कृतिकलाप', (आ) अप्रसिद्ध संकलित कृतिकलाप, (इ) मुद्रित स्वरचित कृतिकलाप, (ई) मुद्रित संकलित कृतिकलाप, અને (उ)મા પૂર્વ મહાપુરુષનાં જે જે ગ્રંથો તેમને સંપાદિત કરેલાં તેનો 'संपादितो ग्रंथसंदोहः'માં નામવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યાર બાદ પરિશિષ્ટ ત્રણના 'अ' વગેરેના મુદ્રણ બાદ મળેલી કૃતિઓ વગેરે 'वृद्धिपत्रकं'મા આપી છે, અને કેટલાંક પ્રકરણો શ્લોકની સંખ્યાના જ નામથી હતા તેનાં નામો પણ સ્પષ્ટ કરવા માટે 'स्पष्टीकरणपूर्वकं शुद्धिपत्रक'ના નામથી આપી તે પરિશિષ્ટને પૂરૂ કર્યું છે.

પરિશિષ્ટ ૪—ગુર્જર સાહિત્ય-સેવા. આમાં "સિદ્ધચક્ર" પાક્ષિકમા વર્ષ ૧થી ૧૫મા અને "જૈનસત્ય પ્રકાશ"મા આવેલા તેમના ગુજરાતી સાહિત્યનો સમાવેશ કરવામા આવ્યો છે. તેમાં (૧) તેઓશ્રીએ આપેલાં વ્યાખ્યાનો **'દેશનાસંગ્રહ'**ના નામથી આપવામાં આવ્યા છે તેમાં જેના નામો પાડેલા છે તે વ્યાખ્યાનો (અ) **'સનામકદેશના**ના નામથી અને જેના નામો નથી પાડ્યા તે (આ) **અનામક દેશના**ના નામથી આપવામા આવ્યાં છે ત્યાર બાદ (૨) તેઓશ્રીએ જે જે જાતના લેખો ભિન્ન ભિન્ન વિષયો પર ભિન્ન ભિન્ન પ્રસંગોના લખ્યા છે, તેને "**લેખસંગ્રહ**[૧]" તરીકે

૧ **દિગમ્બરોની ઉત્પત્તિ—જૈન સત્યપ્રકાશ** વર્ષ ૧ અ. ૪ પૃ. ૯૨–૯૮, અ. ૫ પૃ. ૧૨૫–૧૨૯, અ. ૬ ૧૫૯–૧૬૨, અ ૭ પૃ ૧૯૭–૨૦૨, અ. ૮ પૃ. ૨૩૮–૨૪૨, અ. ૯ પૃ ૨૭૮–૨૮૧, અ ૧૦ પૃ ૩૩૯–૩૪૨, અ. ૧૧ પૃ ૩૫૭–૩૫૮, અં. ૧૨ પૃ. ૩૯૮–૪૦૧. વર્ષ ૨—અ. ૧ પૃ ૪–૭, અં ૨ પૃ ૪૮–૫૧, અ ૬ પૃ. ૩૫૪–૩૫૮, અ. ૭ પૃ. ૩૯૩–૩૯૭, અ ૮ પૃ ૪૬૨–૪૬૪, અ ૯ પૃ ૪૭૪–૪૭૮, અ. ૧૧ પૃ. ૫૭૫–૫૭૯, અ ૧૨ પૃ. ૫૯૪–૫૯૬ વર્ષ ૩ અ. ૧ પૃ ૨–૫

૧૧	૧૩	નતિ	નિત્ય
૧૫	૭	છાશવારેશ રીરમાં	છાશવારે શરીરમાં
૧૭	૨૬	પૂચ્છે	પૃચ્છે
૧૮	૨૦	કે	તે
૫૧	૨૬	દષ્ટિવિષ તે	તે દષ્ટિવિષ
૫૪	૪	જોવી	જોવા
૯૬	૩	સમગ્રી	સામગ્રી
૧૦૦	૨૪	સુખદુ ખગ૦	સુખદુઃખજીવિતમ૦
૧૦૬	૨૨	તેનુ	તેનાં નામ અનુક્રમે
૧૧૨	૧	આવકાશ	અવકાશ
૧૧૨	૧૦	કરી	કઈ કરી
૧૧૩	૧૩	એક ઘઉનો દાણો	ઘઉનો એક દાણો
૧૧૫	૫	આગ્ના જ ગ્રાહ્ય	આજ્ઞાગ્રાહ્ય
૧૧૬	૨૬	केणट्ठंणे	केणट्ठेणं
૧૫૦	૨૧	મનુષ્યના	મનુષ્ય-જન્મના
૧૬૫	૧૯	વલોકમા	દેવલોકમાં
૧૮૪	૨૧	કંદમૂળનો	મૂળિયાનો
૧૮૮	૧૦,૨૬	ग्रन्थाङ्क	ग्रन्थाग्र
૧૯૩	૯	०कम्रश्च	०क्रमश्च
૧૯૬	૨૪	प्रकरण०	प्रकरण०
૧૯૮	૩	३१५	१३५
૧૯૮	૫૬	पर्वभाग	पूर्वभाग.
૨૦૦,૨૪૩	૨૫,૨૭	दु खप्रतिकार०	दुष्प्रतिकार०
૧૦૬	૩	૧	૨૧
૨૨૬	૧૨	રમ	રમત
૨૨૭	૧૧	વિશિષ્ટાઓનુ	વિશિષ્ટતાઓનુ
૨૪૧	૨૧	નિશાનીવાળી	નિશાનીવાળી કૃતિઓ
૨૪૮	૫૩	આ	વિ. સ. ૧૯૮૯
૨૫૨	૩૭	प्रज्ञसिपदत्रिशिका	प्रज्ञप्तपदद्वात्रिंशिका



ઉત્થાનિકા

લેખક—પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રીમાન્ આનન્દસાગરસૂરિજી પ્રૌઢ અને પ્રાચીન કૃતિઓના વિશિષ્ટ અભ્યાસી છે એમનાં વ્યાખ્યાનો દ્રવ્યાનુયોગ અને સચોટ નિરૂપણ માટે સુપ્રસિદ્ધ છે આ વ્યાખ્યાનોમાં જૈનાગમના વિચારો વગેરેને સમુચિત રીતે સ્થાન આપેલું હોય એ સ્વાભાવિક છે એમનાં વ્યાખ્યાનો વાચતા અને વિચારતા અનેક આનન્દ અનુભવાય છે આ વ્યાખ્યાતાના વિશાળ જ્ઞાનની જૈન તેમજ અજૈન વિદ્વાનોએ મુક્ત કંઠે પ્રશંસા કરી છે અને તે યુક્ત છે એમણે અનેક ગ્રન્થોનું સંપાદનકાર્ય કર્યું છે અને સંસ્કૃતમાં નાનીમોટી પ્રસ્તાવનાઓ લખી છે વળી એમણે નવીન કૃતિઓ પણ રચી છે અને એ સર્જનનું કાર્ય તો આજે પણ ૭૪ વર્ષની વયે પણ ચાલુ જ છે આથી આ યોગના વ્યાખ્યાને (ભા. ૧)ની પ્રસ્તાવનામાં મે જે નવીન કૃતિઓની નોંધ લીધી છે તે ઉપરાંતની તાજેતરમાં રચાયેલી નીચે મુજબની કૃતિઓની અહીં નોંધ લેવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે —

(૧) નમસ્કારશિખાશતક

(૨) સ્થાપનાચાર્યદ્વાત્રિંશિકા

(૩) મહીજુઁકપદાવલી

નમસ્કારશિખાશતક એ ૧૦૧ પદ્યોનું નાનકડું કાવ્ય છે ત્રાના બેથી સો સુધીનાં પદ્યો આર્યામાં છે એનાં પહેલાં બે પદ્યો નીચે મુજબ છે —

> प्रातिहार्याष्टकोपेतं बहुतिशयशोभितम् ।
> वीरमनन्य नमाद्रा शिष्यन्त हितकाम्यया ॥ १ ॥

૭, પૃ. ૩૫૫–૩૫૮); અં. ૭, પૃ. ૩૯૩–૩૯૭; અં. ૮, પૃ. ૪૬૩–૪૬૪; અં. ૯, પૃ. ૪૭૪–૪૭૮ ને ૪૮૮; અં. ૧૧, પૃ. ૫૭૫–૫૭૯; અં. ૧૦, પૃ. ૫૯૪–૫૯૬, ૫૯૮માં, વર્ષ ૩ ના અં. ૧, પૃ ૨–૬માં.

સ્થાપનાર્ચાદ્વાત્રિંશિકા એ તત્રીસ પદ્યોની લઘુ કૃતિ છે. એના આદ્ય અને અંતિમ પદ્ય નીચે મુજબ છે —

"अर्चा जिनेश्वरार्चाना, कथं सम्यक्त्ववर्धिनी [1] ।
यतोऽप्यत्र गमीष्यन्ते बहवो जीवविराधना ॥ १ ॥"

"इत्येवं प्रतिमारिपोर्हितकृते पद्यैरगर्हैः कृता
द्वात्रिंशद्गणितैरिहार्हतमुदे [2]सूर्यं पुरं संश्रिता ।
आनंदादिगणेशिना स्थितिमता **वीरं** जिनं स्थापितुं
सत्ताश्रागममन्दिरे नवकृते श्रद्ध. परं. श्रावक ॥३३॥"

આ ૩૩મા પદ્યમાં કહ્યુ છે તેમ મૂર્તિપૂજાના વિરોધી સ્થાનકવાસી વગેરેને હિતશિક્ષારૂપે બે બોલ કહેવા માટે આ કૃતિ રચાઇ છે.

પ્રકીર્ણકપદ્યાવલીમાં પ્રથમ ૫૬૨ પદ્યો છે. તેમાનુ પહેલુ પદ્ય નીચે મુજબ છે —

"जन्मान्तकजराऽऽकीर्णो निस्सारोऽशरणो भवः ।
तस्मादुद्धारक धर्मं मुनि प्रकल्पभृद् वदेत् ॥ १ ॥"

આ કૃતિનુ ૫૬૨મુ પદ્ય નીચે પ્રમાણે છે —

"न चास्माच्चाल्यते देवासुरैरद्वितीयोऽपि सन् ।
बन्धाश्रवहानिमोक्षेषु श्राद्धो ज्ञानी स्थिराशय ॥ १५ ॥"

આના પછી જે પાચ પદ્યો છે તેમાંનુ આદ્ય પદ્ય નીચે મુજબ છે —

"पापस्थानेषु प्रथमं, वधस्य परिवर्जनम् ।
विनाश सर्वशक्तीनामवार्यो लघुतोज्झित ॥ १ ॥"

---

૧ પૃ. ૩૫૮ માં જિનકલ્પ અને સ્થવિરકલ્પનુ સ્વરૂપ આલેખાયુ છે. ૨ સુરત.

ટિપ્પણિકા

શ્રીનયગણા સ્ત્રિ (૬ િ ાધ્યયન)મા ઉપદેશ (૯ ૧૦)મ
પાશમાદ રની કેની કૃતિઓ આગામના મ ન્યાયાવતારની ટિપ્પણી
નિર્દેશ કો છે આને કાને ટીપિમ કઈક હશે એનુ આઇ પદ
નાચે મુજબ છે —

ન્ત્વા ન્વસુરર્જિ પ્રનાણનયમ્યાકમ્ ।
ભાવ ત્રિત યત ન્યાયાવતાર સુત્તિત ત્રિયા ॥ ૧

ન્યાયાવતારની દીપિકાની પ્રશસ્તિનુ નીચે મુજબનુ લિનુ પદ
આ વાતનુ સમર્થન કરે છે —

न्यायावतारसूत्रस्य दीपिका दीपिता मया ।
विस्मयवच स्नेहवर्तिभवात् तमोनुद ॥ २ ॥

ઉપયુ ક્ત ટીપિ ના અ તિમ બે પદો નીચે પ્રમાણે છ —

नन्दोद्भूतन गणिनाऽऽनन्दाह्वेन यथामति ।
जयवीरपम्भाजरणुना रचिता धिय ॥ १२ ॥

विभावना मया प्रत सम्पु सुकृत तत ।
भव्यलोक महानुया न्य न दुगामन्म ॥ १३ ।

ન્યાયાવતાર ના સિદ્ધસેન દિવાકરની કૃતિ ગણાય છ ગા
સિદ્ધર્ષિ ગ છ ના પ્રમાણક ા ા રચી છ અન
૧ ૫૩ ન્યાય ન્દ્ર ટિપ્પણ ન્યુ છ આ બને છપાયા છ
ના અ ન્યાયાવતાર ૮૫ ગા રચી છ અમ મૂદ્રિત ટિપ્પનિકા
કતાય છે પણ દ સુધી ત ા ગ્રા મળી નથી આની પ્રતિમા
આગમાદ્વારે ગણિ અવસ્થામા વિ સ ૧૯ ની આસપાસમા
નામક ન્યાયાવતારન ન્પશની અને ગભગ ૩ ૦ શ્લોકપ્રમાણક
ટીપ્પણ ઉપ પ્રમાણે રચી છે ત સ્ત્ય પ્રસિદ્ધ થઈ પદ

1 જુઓ ભાગ ૧

૨ જુઓ ભાગ)

આમ આ **વીસવીસી**ની દીપિકા મૂળ કૃતિને સમજવા માટે-જૈન દર્શનના બોધને માટે ઉપયોગી છે એટલુ જ નહિ પણ એમા જે આગમોદ્ધારકનો પરિચય પૂરો પાડનારા ચોવીસ પદ્યો આગમોદ્ધારકને હાથે જ યોજાયેલા મળે છે એથી પણ એનુ મહત્ત્વ છે, પછી ભલેને આ એમના ભક્તજનો જ પૂરતુ મર્યાદિત પણ કયાં ન હો ?

આગમોદ્ધારકના વિદ્યાવ્યાસંગ અને એમની ઉપસ્થિત બુદ્ધિનુ એક જ્વલંત ઉદાહરણ હુ અહી રજૂ કરુ છુ. હાલમા એકાદ માસ થયા આગમોદ્ધારકનુ આરોગ્ય ઘણુ જ કથળી ગયુ છે તેમ છતા અહીના સુરતના ભંડારોની હાથપોથીઓ તપાસવાનુ કાર્ય અવારનવાર તેઓ કરે છે. હમણા જ વિજયઆણસૂર ગચ્છના સુરતના ભંડારની હાથપોથીઓ તપાસતા 'સહસ્રાવધાની' [1]મુનિસુન્દરસૂરિકૃત **ઉપદેશરત્નાકર** (મૂળ)ની હાથપોથીમા 'અપરતટ'ને લગતા પદ્યો જોઇ એમને અતિશય આનંદ થયો, કેમકે આ કૃતિ(સ્વોપજ્ઞટીકા સહિત)નુ ઇ. સ. ૧૯૧૪મા સંપાદન કરતી વેળા એમણે ઉપોદ્ઘાતમા જે વક્તવ્ય અનુમાનરૂપે રજૂ કર્યુ હતુ તે સિદ્ધ થતુ જણાયુ. વાત એ છે કે ઉપદેશરત્નાકરની સ્વોપજ્ઞટીકા (પત્ર ૨૩૧ આ)મા મુનિસુન્દરસૂરિએ 'अपरतट तु सुगमत्वान् न विव्रियते" એમ જે કહ્યુ છે તે ઉપરથી

---

૧ એમણે **સંતિકરથોત્ત** રચ્યુ' છે. આની એક હાથપોથી વિ. સં. ૧૪૯૭મા લખાયેલી હાલમાં મારા જોવામાં આવી છે. એમાં ૧૩ જ ગાથા છે. "तवाच्छगयण"વાળી ગાથા નથી. વિશેષમા એમા "रक्खतु ममं रोहिणिपन्नत्ती" એવો પાઠ છે. આ હાથપોથીના અંતમાં જે નીચે મુજબનો ઉલ્લેખ છે તે ઉપરથી એમ લાગે છે કે કર્તાએ જાતે જ આ હાથપોથી લખી છે, કેમકે એમાં समाप्तं, कृत અને लिखितं એમ ત્રણ શબ્દો વપરાયેલા છે –

"इति श्री**शांतिनाथजिनस्तवनं** समाप्तं कृत श्रीपरमगुरु-श्री**सोमसुन्दरसूरि**शिष्यै श्री**मुनिसुन्दरसूरि**भिः ॥ सं. १४९७ वर्षे फाल्गुनमासे दयामपंचन्या लिखितम् "

ઉપદેશરત્નાકરના અપર તટનું એમણે વિવરણ રચ્યું નથી એ ફલિત થાય છે અને સાથે સાથે એનો અપર તટ હોવાનું સૂચન મળે છે આ ઉપરથી આગમોદ્ધારકે અનેક ભંડારોમાં એની તપાસ કરી પણ કંઈ પત્તો ખાધો નહિ. ઉપોદ્ઘાત(પત્ર ૪આ)માં એમણે નીચે મુજબ કહ્યું છે—

અહીં પણ જાણવું અર્થાત્ કિ આ ગ્રન્થે ઉત વાના તીર્થરૂપ નામાવનાતટ ઉપરાંત મુનિસુન્દરસૂરિએ ત્રણ અધિકારો રચ્યા છે તેમાં પણ પહેલા અને બીજા અધિકારમાં ચાર ચાર અંગો જોઈને અમે એ અનુમાન કરીએ છીએ કે તમામ આદ્ય મધ્ય અને અંત્ય અધિકારોમાં ચાર ચાર અંગો હોવા જોઈએ.

પત્ર ૪આમાં એમણે અપર તટમાં શું શું છે એ વિષે તર્ક કર્યો છે કે એમાં (૧) દેવનું સ્વરૂપ (૨) જ્ઞાન દર્શન ચારિત્ર અને તપ અથવા (૩) સમ્યક્ત્વ વૈરાગ્ય અને ભાવનાનું નિરૂપણ હોવું જોઈએ. ઉપર્યુક્ત હાથપોથી તપાસતાં એમાં આ વિભાગો જોવાય છે એમાં પહેલાને માટે તરંગ અને પાંચ, સાત અને આઠ માટે અંશ શબ્દ વાપરેલ છે એ તમામના વિષય અને એના અંગોના શ્લોકોની સંખ્યા નીચે પ્રમાણે છે—

(૧) ધર્મના ફળનો ઉપદેશ	શ્લો ૧–૪
(૨) ધર્મ વિષે પ્રમાદ ન રાખવાનો ઉપદેશ	૧–૩૧
(૩) પાપના પરિહારનો ઉપદેશ	૧–૧૯
(૪) વિશિષ્ટ ધર્મકૃત્યોનો ઉપદેશ	૧–૩૬
(૫) વિવિધ ધાર્મિક કૃત્યોનો ઉપદેશ	,, ૧–..
(૬) સર્વ દર્શનને સાધારણ એવાં ધાર્મિક કૃત્યોનો ઉપદેશ	૧–૧૬
(૭) પ્રકીર્ણ ઉપદેશ	,, ૧–૩૪
(૮) જિનપૂજા	,, ૧–૬૮

આ આઠે વિભાગો આમ અનુષ્ઠાનના નિરૂપણરૂપ છે

પ્રશમરતિનું વિહંગાવલોકન

પ્રશમરતિ એ વાચકવર્ય **ઉમાસ્વાતિએ** ગીર્વાણ ગિરામાં આર્યા છન્દમાં ૩૧૧ પદ્યમાં રચેલી સંક્ષિપ્ત, મનોમોહક અને સુબોધક કૃતિ છે. આ **ઉમાસ્વાતિની** જ કૃતિ છે એમ માનવા માટેનાં જે સબળ કારણો છે તેમાં ભાષા અને વિચારસરણીનો પણ સમાવેશ થાય છે.

૨૨ અધિકાર—પ્રશમરતિનાં ૩૧૧ પદ્યોને બાવીસ ભાગમાં વિભક્ત કરી દરેકને 'અધિકાર' તરીકે ઓળખાવેલ છે. આનાં નામ નીચે પ્રમાણે છે:—

(૧) પીઠબન્ધ, (૨) કષાય, (૩) રાગાદિ, (૪) કર્મ, (૫–૬) કરણાર્થ, (૭) મદસ્થાન, (૮) આચાર, (૯) ભાવના, (૧૦) ધર્મ, (૧૧) કથા, (૧૨) જીવ, (૧૩) ઉપયોગ, (૧૪) ભાવ, (૧૫) ષડ્વિધદ્રવ્ય, (૧૬) ચરણ, (૧૭) શીલાંગ, (૧૮) ધ્યાન, (૧૯) શ્રેણિ, (૨૦) સમુદ્ઘાત, (૨૧) યોગનિરોધ અને (૨૨) શિવગમનવિધાન અને ફળ.

આ ઉપરથી વિષયની કઈક ઝાંખી થાય છે. વિશેષ માટે તો વ્યાખ્યાતાએ **પ્રશમરતિની** (સટીક) સંપાદિત કરેલી આવૃત્તિમાં આપેલો બૃહદ્ વિષયાનુક્રમ જોવો ઘટે. આથી અહીં તો એક જ બાબત નોંધુ છુ અને તે એ કે **પ્રશમરતિ** (શ્લો. ૧૩૫)માં મુનિઓનાં વસ્ત્ર અને પાત્રનુ નિરૂપણ છે અને એ નિરૂપણને નિર્વિવાદપણે શ્વેતાંબરો સ્વીકારે છે.

વ્યાખ્યાતાએ **પ્રશમરતિનો** ઉપોદ્ઘાત સંસ્કૃતમા વિ. સં. ૧૯૯૬-માં લખ્યો છે. એમાં એમણે સાત બાબતો વિચારી છે:—

[૧] દિગંબરો **તત્ત્વાર્થસૂત્ર** સિવાયના **ઉમાસ્વાતિના** અન્ય ગ્રન્થો કેમ માનતા નથી એનાં કારણ દર્શાવાયાં છે. દા. ત. ભાષ્યને સ્વોપજ્ઞ માનવા જતાં દિગંબરોને પોતાના મતને જતો કરવો પડે તેમ છે. આના સમર્થનાર્થે ભાષ્યની સંબધકારિકા (શ્લો. ૬, ૧૮ અને ૨૩) તેમજ ભાષ્યના બીજા પાઠો રજૂ કરાયા છે.

[૨] ભાષ્યને સ્વોપજ્ઞ માનવા માટે ૭ હેતુઓ અપાયા છે.

[૩] પ્રશમરતિના કર્તા ઉમાસ્વાતિ જ છે એ વાતને સિદ્ધ કરવા માટે સમાન પ અને અર્થરૂપ વાક્યનો ઉલ્લેખ કરાયો છે

[૪] તત્ત્વાર્થસૂત્રની અને પ્રશમરતિની રચના પાછળના ઉદ્દેશોની ભિન્નતા વિચારાઇ છે

[૫] પ્રશમરતિ એ પ્રાચીન કૃતિ છે એ મુદ્દો રજૂ કરાયો છે એ સાચો છે એમ બતાવવા માટે નવાસ્તિ રાજરાજસ્ય વાળી ૧૨૮મી કારિકા આચાર વગેરેની ચૂર્ણિમાં પણ જોવાય છે એમ કહ્યું છે

[ ] ઉમાસ્વાતિનો સમય [illegible]ની ઉત્પત્તિ પછીનો નથી અનુ વિધાન છે અને એ બાબતને પોષનારા પાઠો અપાયા છે

[૭] પ્રશમરતિની વૃત્તિના કર્તા હરિભદ્રસૂરિ તે યાકિની મહત્તરાના ધર્મસૂનુ તરીકે સુવિખ્યાત હરિભદ્રસૂરિથી ભિન્ન છે એ વાતનો નિર્દેશ કરાયો છે

અવતરણ અને કર્તૃત્વ—હરિભદ્રસૂરિએ સભાષ્ય તત્ત્વાર્થસૂત્ર (અ. ૧ સૂ. ૧)ની ટીકા (પત્ર ૧૬૬)માં યથોક્તમનેન સૂરિણા પ્રકરણાન્તરે એમ કહી પ્રશમરતિના ૨૧૦મા અને ૨૧૧મા એ બે પદ્યો ઉદ્ધૃત કર્યા છે આથી એ વાત ફલિત થાય છે કે પ્રશમરતિ તત્ત્વાર્થ સૂત્રકાર ઉમાસ્વાતિની જ કૃતિ છે એમ હરિભદ્રસૂરિ માને છે

આ અવતરણ સૂત્રકૃતાંગની શીલાંકસૂરિકૃત ટીકામાં પત્ર ૯૭૨ ૧૮૭આ અને ૩૮૪આ)માં એમ બબ્બે વાર જોવાય છે જોકે નિર્દિષ્ટ ન ૧ નિરૂપણ એવા એક ગ્રન્થે પાઠ્યો છે

૧ આ કારિકા આચારાંગચૂર્ણિ (પત્ર ૫૮)માં અવતરણરૂપ [illegible]ધારે ન નિમ્નલિખિત ગાથાનું સ્મરણ કરાવે છે—

तणसथारनिविट्ठो मुणिपवरो भट्टरागमयमहे ।
म पवद मुत्ति सुह त कत्तो चक्कवट्टी वि ॥

એવી શંકા આ ઉપરાંતના ભાગની ટીકા નહિ મળતી હોવાથી ઉદ્ભવે છે. સિદ્ધસેનગણિએ આ આર્યામાં આગેની સંબંધકારિકાઓ ઉપર ટીકા રચી છે પણ એ સંક્ષિપ્ત છે. આથી વિસ્તારથી ટીકાના અભિલાષીને તો હરિભદ્રસૂરિકૃત ટીકા જોવી ઘટે. એનું આદ્ય પદ્ય અને દેવગુપ્તસૂરિકૃત ટીકાનું આદ્ય પદ્ય લગભગ સમાન છે, કેમકે પહેલામા 'तत्त्वज्ञं' એવો પાઠ છે તો બીજામા 'सर्वज्ञं' એવો પાઠ છે.

જન્મની સાર્થકતા (૧), પરમાર્થનો નિર્દેશ (૨), કુશલાનુબંધી કર્મ (૩) ૬ પ્રકારના મનુષ્યો (૪–૬), તીર્થંકરની પૂજ્યતા (૭–૮), તીર્થનું પ્રવર્તન (૯–૧૦), **મહાવીરસ્વામી**ની જીવનરેખા (૧૧–૧૨), ગ્રન્થ રચવાની પ્રતિજ્ઞા (૨૨), શક્તિની ન્યૂનતા (૨૩–૨૬), પદ વડે પણ નિર્વાહ (૨૭), જિનવચનની ગ્રાહ્યતા ઇત્યાદિ (૨૮), વક્તાને એકાન્તે ધર્મ (૨૯), હિતોપદેશની કર્તવ્યતા (૩૦) અને મોક્ષમાર્ગના ઉપદેશનું હિતકારીપણું એમ સંબંધકારિકામા વિવિધ બાબતો છે.

૩૧ સંબંધકારિકાઓ પૈકી જે પહેલી અને આઠમી કારિકા તે અંગે આગમોદ્ધારકે અનુક્રમે અગિઆર અને બે [1]વ્યાખ્યાનો આપ્યા છે અને પ્રસ્તુત કૃતિમાં છપાયાં છે તે બે કારિકા નીચે મુજબ છે.—

"सम्यग्दर्शनशुद्ध यो ज्ञान विरतिमेव चाप्नोति।
दु:खनिमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म ॥ १ ॥"
"अभ्यर्चनादर्हता मन:प्रसादस्तत: समाधिश्च।
तस्मादपि नि:श्रेयसमतो हि तत्पूजन न्याय्यम् ॥ ८ ॥"

વાચકવર્ય ઉમાસ્વાતિ

વાચકવર્ય ઉમાસ્વાતિની જીવનરેખા સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ઇત્યાદિ ભાષાઓમાં ઓછેવત્તે અંશે આલેખાયેલી છે. આ

---

૧ આ પૈકી એક વ્યાખ્યાન "સિદ્ધચક્ર (વ. ૧૧, અં. ૮–૯, પૃ. ૧૦૬–૧૧૦ અને અં. ૧૦–૧૧, પૃ. ૧૩૩–૧૩૫)માં આ પૂર્વે છપાયુ છે.

માટેનાં સાધનો પૈકી તત્ત્વાર્થસૂત્રના ભાષ્યની પ્રશસ્તિ એ સારી પ્રાચીન અને વિશ્વસનીય સાધન છે. એ દ્વારા તત્ત્વાર્થસૂત્રનું નામ એના કર્તા ઉમાસ્વાતિએ તત્ત્વાર્થાધિગમશાસ્ત્ર રાખ્યું છે એ વાત તેમજ એના કર્તા ઉમાસ્વાતિ છે એ વાત પણ આપણે જાણી શકીએ છીએ. વિશેષમાં આ પ્રશસ્તિ આ ગ્રન્થ વિહાર કરતા કરતા [1] કુસુમપુર નગરમાં ઉમાસ્વાતિએ રચ્યો એ બાબત પણ રજૂ કરે છે. સાથે સાથે ઉમાસ્વાતિના જન્મસ્થાન અને જન્મદાતા વિષે તેમજ એમના દીક્ષાગુરુ અને વિદ્યાગુરુ વિષે એટલે કે એમની દીક્ષા પૂર્વેની અને પછીની એમ બન્ને અવસ્થા વિષે-[2]જન્મવંશ અને [3]વિદ્યાવંશ [4]વિષે માહિતી પૂરી પાડે છે. આ બાબતો આપણે હવે એક પછી એક વિચારીશું.

જન્મસ્થાન—ઉમાસ્વાતિનો જન્મ ન્યગ્રોધિકામાં થયો હતો એમ ઉપર્યુક્ત પ્રશસ્તિના ત્રીજા પદ્યમાં સ્પષ્ટ[5] ઉલ્લેખ છે. આ ન્યગ્રોધિકાથી કયું નગર કે ગામ સમજવું તે જાણવું બાકી રહે છે.

માતા-પિતા—ઉપર્યુક્ત પ્રશસ્તિના ત્રીજા પદ્યમાં કહ્યું છે તેમ ઉમાસ્વાતિના પિતાનું નામ સ્વાતિ છે, વાત્સી એમની માતાના ગોત્રનું નામ છે. વિશેષમાં એમણે પોતાને કૌભીષણિ કહેલ છે. એટલે એ ઉપરથી એઓ કૌભીષણ ગોત્રના હતા એ ફલિત થાય છે. કૌભીષણ અને વાત્સી એ ગોત્રના નામ કેટલાં પ્રાચીન છે તે તપાસવું બાકી રહે છે.

---

૧ અત્યારનું બિહારમાં આવેલું પટણા.

૨ યોનિનો યાને લોહીનો સંબંધ.

૩ વિદ્યાસંબંધ.

૪ આ બન્ને વંશોનો ઉલ્લેખ "વિદ્યાયોનિસમ્બન્ધેભ્યો વુઞ્" એ અષ્ટાધ્યાયી (અ ૪, પા ૩)ના ૭૭મા સૂત્રમાં છે.

૫ "न्यग्रोधिकाप्रसूतेन विहरता पुरवरे कुसुमनाम्नि ।
कौभीषणिना स्वातितनयेन वात्सीसुतेनार्घ्यम् ॥ ३ ॥"

નામકરણ—ઉપર્યુક્ત પ્રશસ્તિના [1]પાંચમા પદ્યમાં 'ઉમાસ્વાતિ' એ નામનો સ્પષ્ટપણે ઉલ્લેખ છે. આમાં 'સ્વાતિ' એ અંશ તો એમના પિતાના નામનો દ્યોતક છે. આથી 'ઉમા' એ એમની માતાનું નામ હશે એમ માનવા સહેજે કોઈ લલચાય[2]. અને તેમ કરનાર 'બપ્પભટ્ટિ' એ નામ રજૂ કરી શકે. આ પરિસ્થિતિને લઈને કે પછી કોઈ પ્રાચીન અને વાસ્તવિક પરંપરાને આધારે ઉમાસ્વાતિનું નામ 'ઉમાસ્વાતિ' કેવી રીતે પડ્યુ એ હકીકત ભદ્રેશ્વરકૃત **કહાવલી** કે અન્ય કોઈ કૃતિની એક હાથપોથીમાં નીચે મુજબ વાંચ્યાનુ મને સ્ફુરે છે—

વાચકવર્યનુ નામ **સ્વાતિ** હતું. એક વેળા એમને બ્રાહ્મણો સાથે વાદવિવાદ થયો. બ્રાહ્મણોનું કહેવું હતુ કે ઉમા એ 'શકિત' છે, જ્યારે વાચકવર્યનુ કહેવુ એ હતુ કે એ 'સ્ત્રી' છે. આ સંબધમાં વાદવિવાદ થતાં વાચકવર્ય જીત્યા તેથી એમના નામ સાથે 'ઉમા' જોડી દેવાયુ. આમ એમનું નામ 'ઉમાસ્વાતિ' પડ્યુ.

દિગંબર આચાર્ય વિદ્યાનન્દે રચેલ **આપ્તપરીક્ષા** (શ્લો. ૧૧૯)ની સ્વોપજ્ઞ વૃત્તિમાં 'ઉમાસ્વામી' એ નામથી ઉમાસ્વાતિનો ઉલ્લેખ છે. આમ આ નામ દિગંબરીય પરંપરામાં જોવાય છે ખરું પણ ઉપર્યુક્ત પ્રશસ્તિને પ્રમાણરૂપ ગણવામાં કોઇ વાધો નહિ હોવાથી આ વાતને હુ વિશેષ મહત્ત્વ આપતો નથી.

ગૃધ્રપિચ્છ—કેટલાક દિગંબરોના મતે ઉમાસ્વાતિ તે જ ગૃધ્રપિચ્છ છે. પણ વિદ્યાનન્દકૃત **તત્ત્વાર્થશ્લોકવાર્તિક** (પૃ. ૬)ગત નિમ્નલિખિત પંક્તિ વિચારતાં તો ઊલટું એમ જણાય છે કે એમને મતે ઉમાસ્વામી અને ગૃધ્રપિચ્છ એ બે ભિન્ન છે—

---

૧ "इदमुच्चैर्नागरवाचकेन सत्त्वानुकम्पया दृब्धम्।
तत्त्वार्थाधिगमाख्यं स्पष्टमुमास्वातिना शास्त्रम् ॥"

૨ **જમ્બૂદ્વીપસમાસ**ની ટીકામાં વિજયસિંહે કહ્યુ છે કે આ સંગ્રહકારની માતા ઉમા અને એના પિતા **સ્વાતિ** છે એ સબંધને લઈને એમનું નામ 'ઉમાસ્વાતિ' છે.

एतेन गृध्रपिच्छाचार्यपर्यन्तमुनिसूत्रेण व्यभिचारिता निरस्ता

જાતિ અને ધર્મ ભન્ધામ ન્તોનની ગુ…સૂરિએ … ૧૮૭૬મા ચેલી …(…)મા … છે કે ઉમાસ્વાતિ જન્મે બ્રાહ્મણ …ના અને શિવ વર્ગના …ગી હતા … જિનત્વ ની …તિમાના …નથી એમણે જૈન મત અ…િ… … અને … … વાચક થયા

અહીં જે એમજ સાહ… …તિના … છે … વાત ઉપપન્ન પ્રશસ્તિમા ઉમાસ્વાતિએ … પોતાના માતાપિતાના ગોત્રનો … નિર્દેશ કર્યો છે એ દ્વારા સમર્થિત થાય છે

દીક્ષાગુરુ—ઉપયુ… પ્રશસ્તિનુ ¹પ્રથમ પદ્ય … … પાડે છે અગિયાર અંગના ધા… ઘોષનન્દિ(ન્) ક્ષમણ ઉમાસ્વાતિના દીક્ષાગુરુ થાય. એ ઘોષનન્દિ(ન્) સુપ્રસિદ્ધ વાચક મુખ્ય શિવશ્રીના શિષ્ય હતા એટલે એ એમના પ્રગુરુ થયા

વિદ્યાગુરુ—વાચનાથી એટલે વિદ્યાગ્રહણની …ટિએ વાચનાચાર્ય મૂલ એ ઉમાસ્વાતિના … થાય અને મહાવાચ… ક્ષમણ મુ…પા… એમના એ ગુરુના ગુરુ એટલે પ્રગુરુ થાય એ હકી…ત પ્રશસ્તિના ²બીજા પદ્યમા અપાઈ છે દીક્ષાગુરુ અગિયાર અંગ…ી વિશે… … …તા નતિ …વા… તેમનો … સ્વર્ગવાસ થવાથી ઉમાસ્વાતિને વિદ્યાગુ… …રીકે અન્ય… સ્વીકાર કરવો પડ્યો હશે એમ લાગે છે

દિગમ્બર માન્યતા—સ્વામી સમન્તભદ્ર (… …થી …)મ… વચનાનુસાર મુજબ બધા જ … તત્ત્વાર્થસૂત્રના કર્તા ઉમાસ્વાતિ…

१ वाचकमुख्यस्य शिवश्रियः प्रकाशयशसः प्रशिष्येण।
शिष्येण घोषनन्दिक्षमणस्यैकादशाङ्गविदः ॥ १ ॥

२ वाचनया च महावाचकक्षमणमुण्डपादशिष्यस्य।
शिष्येण वाचकाचार्यमूलनाम्नः प्रथितकीर्तेः ॥ ॥

[1]કુન્દકુન્દના શિષ્ય તરીકે માને છે. આ વાતને સમર્થન કરનાર દસમા સૈકા પહેલાના કોઈ વિશ્વસનીય દિગંબરીય ગ્રન્થ, પટ્ટાવલી કે શિલાલેખ જોવા જાણવામા નથી. આથી તેમજ ઉપર્યુક્ત પ્રશસ્તિને અપ્રામાણિક માનવાનું કોઈ સબળ કારણ જણાતુ નથી એથી આ દિગંબરીય માન્યતાને હુ વજૂદ વિનાની ગણુ છુ.

પટ્ટાવલીનું કથન—ધર્મસાગરીય **પટ્ટાવલી**માં નીચે મુજબની બાબતો અપાઇ છે—

(૧) આર્ય **મહાગિરિ**ને **બહુલ** અને **બલિસ્સહ** એમ બે શિષ્યો હતા. તેમાં **બલિસ્સહ**ને **સ્વાતિ** નામના શિષ્ય હતા.

(૨) **તત્ત્વાર્થસૂત્ર** વગેરે ગ્રન્થો એમના જ રચેલા હોય એવો સંભવ છે.

(૩) આ **સ્વાતિ**ના શિષ્ય **શ્યામ** આચાર્ય છે કે જેમણે **પ્રજ્ઞાપના** રચેલ છે તેમનો સ્વર્ગવાસ **વીર**સંવત્ ૩૭૬મા થયો.

આ પ્રમાણે અહી જે **શ્યામ**નો ઉલ્લેખ છે તે ‘ઉમાસ્વાતિ’ગત ‘સ્વાતિ’ની ભ્રાન્તિથી ઉદ્ભવ્યો હશે એમ લાગે છે, કેમકે ઉપર્યુક્ત પટ્ટાવલી કરતા પહેલાં રચાયેલી કોઈ પણ શ્વેતાબરીય કૃતિમાં કે પૂર્વકાલીન શિલાલેખમા આ પ્રકારનુ મંતવ્ય રજૂ કરાયેલુ હજી સુધી તો મને મળ્યુ નથી. બીજી વાત એ છે કે **નંદી**ની થેરાવલી (ગા. ૨૬)માં **સ્વાતિ**ને ‘હારિત’ ગોત્રના વર્ણવ્યા છે, જ્યારે પ્રશસ્તિ પ્રમાણે ઉમાસ્વાતિ ‘કૌભીષણ’ ગોત્રના છે. તેમ છતા આ મંતવ્ય સાચુ જ સિદ્ધ થાય તો ઉમાસ્વાતિ **વીર**સંવત્ ૩૭૬ની આસપાસ-એના કરતાં થોડાંક વર્ષ પહેલાં થઈ ગયા એમ માની શકાય.

---

૧ આ આચાર્ય તે જ **વીર**સંવત્ ૬૦૯માં બોટિક દૃષ્ટિ રજૂ કરનાર શિવભૂતિના શિષ્ય કૌંડિન્ય છે એમ કેટલાક માને છે. જુઓ પૃ. ૩.

પૂર્વવિદ્—ઉપર્યુક્ત પ્રશસ્તિના ઉપાયમાં પર Cપરથી એ વાત જાણી શકાય છે કે ઉમાસ્વાતિને ૨ વાચક ની પદવી હતી વાચકનો અર્થ "પૂર્વવિદ્" છે એ વાત સિદ્ધસેન ગણિએ તત્ત્વાર્થસૂત્ર (અ. ૧ સૂ ૬)ની ટીકા (ભા ૨ પૃ ૨૦૬)માં કહી છે વિશેષમાં કહ્યું પણ છે કે—

वाई य समणसमण दिवयरे वाया ति एगट्ठा।
पुव्वगयंमि य सुत्त एए सद्दा पवत्तंति ॥

શ્રુતકેવલિદેશીય—નગર તાલુકાના એક દિગમ્બર શિલાલેખમાં ઉમાસ્વાતિને શ્રુતકેવલિદેશીય કહ્યા છે ૩

ઉમાસ્વાતિનું જૈન આગમોનું પરિશીલન અને દોહન આપણને એમના વાચકવર્ગમાં થવાની અને પોતે વાચક પદવીથી અલંકૃત હતા એ બાબતની પ્રતીતિ કરાવે છે

સંગ્રહકાર—જૈન આગમોમાં છૂટી છવાયેલી બાબતોને એકત્રિત કરી ઉમાસ્વાતિએ રજૂ કરી છે કે એવી મનોમોહક રીતે હેમચન્દ્રસૂરિએ સિદ્ધહેમચન્દ્ર(૨-૨-૩૯)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૩૧અ)માં એમને આ નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે —

"उपोमास्वातिं संगृहीतारः"

આદ્ય સંસ્કૃત પ્રણેતા—ઉમાસ્વાતિનું સંસ્કૃત ભાષા ઉપનું પ્રભુત્વ અસાધારણ હોવું જોઈએ કેમકે પાઈય ભાષામાં રચાયેલાં આગમિક વિષયોને એમણે સરળ અને પ્રસન્ન શૈલીમાં સુગમ અતિ સંક્ષિપ્ત અને સચોટ

૧ જુઓ પૃ. ૧૭

૨ કલ્હાનસીની હાથપોથી (ભા ૨ પત્ર ૧૮ અ)માં પણ આ વીતો ઉલ્લેખ છે

૩ तत्त्वार्थसूत्रकर्तारमुमास्वातिमुनीश्वरम् ।
श्रुतकेवलिदेशीयं वन्देऽहं गुणमन्दिरम् ॥

આમ અહીં ઉમાસ્વાતિનો નહિ કે ઉમાસ્વામીનો ઉલ્લેખ છે

સૂત્રરૂપે ગૂંથ્યા છે. ઉમાસ્વાતિની પૂર્વે કોઈ જૈન ગ્રન્થકારે સંસ્કૃતમાં કોઈ રચના કરી હોય તો તે આજે મળતી નથી એટલે આ હિસાબે એઓ આદ્ય સંસ્કૃત પ્રણેતા ગણાય

તત્ત્વાર્થસૂત્રના ભાષ્યની સંબંધકારિકા તેમજ **પ્રશમરતિ** વિચારતાં એ વાત ફલિત થાય છે કે એઓ ગદ્યની પેઠે પદ્યના પણ પ્રાંજલ પ્રણેતા હતા.

અગાધ બોધ—તત્ત્વાર્થસૂત્રનુ ભાષ્ય એમનો જૈન તેમજ અજૈન દર્શનોનો પલ્લવગ્રાહી નહિ પણ સર્વગ્રાહી અભ્યાસ હોવાની સબળ સાક્ષી પૂરે છે. **શ્રીતત્ત્વાર્થકર્તૃતન્મતનિર્ણય**(પૃ. ૬)માં આગમોદ્ધારકે કહ્યુ છે કે ઉમાસ્વાતિ સંપૂર્ણ દશ પૂર્વના ધારક હોય કે ન હોય, પણ તેઓ એક પૂર્વના ધારક તો છે જ.

અગ્રિમ સૂત્રકાર—સંસ્કૃતમાં સૂત્ર રજૂ કરનાર તરીકે ઉમાસ્વાતિનું નામ મોખરે આવે છે, કેમકે કોઈ પણ જૈન ગ્રન્થકારે આ પ્રકારનાં સૂત્રો દ્વારા સંસ્કૃત કે પાઇય કૃતિ એમની પૂર્વે રચી હોય એમ હજી સુધી તો જાણવામાં નથી.

ઉચ્ચનાગર શાખા—'ઉચ્ચનાગર' એ ઉમાસ્વાતિની શાખાનુ નામ છે એમ ઉપર્યુક્ત પ્રશસ્તિનુ પાંચમું પદ્ય જોતા જણાય છે, કેમકે ઉચ્ચૈર્નાગર એવો જે અહી ઉલ્લેખ છે તે આ શાખા માટે સસ્કૃતમાં પદ્યાર્થે યોજાયેલું નામ હોય એમ લાગે છે.

પજ્જોસવણાકપ્પની થેરાવલીમાં એવો ઉલ્લેખ છે કે આર્ય **શાન્તિ** શ્રેણિક નામના અને 'માઢર' ગોત્રના સ્થવિરથી [1]'ઉચ્ચાનાગરી' શાખા નીકળી. આર્ય **શાન્તિશ્રેણિક** આર્ય **સુહસ્તિસૂરિ**ની પરંપરામાં થયા છે આર્ય **સુહસ્તિસૂરિ**ને **સુસ્થિત** અને **સુપ્રતિબદ્ધ** નામના બે શિષ્ય હતા. અને તેમને ઇન્દ્રદત્ત (ઇંદદિન્ન) નામે શિષ્ય હતા. આ ઇન્દ્રદત્તને **દિન્ન**(દત્ત) નામના શિષ્ય હતા. આ **દિન્ન**ના શિષ્ય તે આર્ય **શાન્તિશ્રેણિક**. આ

૧ આને માટેનું સસ્કૃતરૂપ उच्चैर्नागर છે એમ કહેવાય ?

આર્ય શાન્તિશ્રેણિક આર્ય સુહસ્તિસૂરિથી ચોથી પેઢીએ આવે છે આર્ય સુહસ્તિસૂરિનો સ્વર્ગવાસ વીર સંવત્ ૨૯૧મા થયો છે એમ મનાય છે આર્ય વજ્રના ગુરુ આર્ય સિંહગિરિ ના આર્ય શાન્તિશ્રેણિકના ગુરુભાઈ હતા છે આ આર્ય વજ્ર વીર સંવત્ ૫૮૪મા સ્વર્ગે સિધાવ્યા એમ મનાય છે આમ આર્ય સુહસ્તિસૂરિના સ્વર્ગગમન સુધીના ૨૯૦ (૫૮૪—૨૯૧) વર્ષમા પાચ પેઢીઓ થઈ છે એક પેઢીનો સરેરાશ કાળ જો સાઠ વર્ષનો ગણીએ તો આર્ય શાન્તિશ્રેણિકનો પ્રારંભકાળ વીર સંવત્ ૪૭૧ની આસપાસનો ગણાય આ અરસામા ઉચ્ચનાગરી શાખા નીકળી હશે

ઉમાસ્વાતિની ઉચ્ચનાગરી શાખા ત આર્ય શાન્તિશ્રેણિ થી નીકળેલી ઉચ્ચનાગરી શાખા જ છે એમ માનતા અચકાવુ પડે છે આ બેને અભિન્ન માનીએ તો પણ ઉમાસ્વાતિ આ શાખામા થયા એ બાબત તો અધારામા રહે છે

પરંપરા—દિગંબર ઉમાસ્વાતિને દિગંબર માને છે અને તત્ત્વાર્થસૂત્રને જ તેમની કૃતિ ગણે છે જ્યારે શ્વેતાંબરો અને અમના આચાર્યો પણ એમને શ્વેતાંબર માને છે, એટલુ જ નહિ પણ આ તત્ત્વાર્થસૂત્ર, એનુ ભાષ્ય પ્રશમરતિ ઇત્યાદિને પણ એમની જ કૃતિઓ આથી પ્રશ્ન એ ઉદ્ભવે છે કે ઉમાસ્વાતિ શ્વેતાંબર છે કે એઓ દિગંબર પરંપરાના ન હતા કેમકે પ્રશસ્તિમાં સૂચવી નાગર' શાખાનો ઉલ્લેખ તત્ત્વાર્થસૂત્રના અ. ૫ સૂ. ૩૮ ૮ સૂ ૧૧ના ભાવાર્થ તેમ જ તત્ત્વાર્થસૂત્ર (અ. ૧ સૂ ૩૧ ૩ અ. ૪ સૂ. ૨૦ અ. ૫ સૂ ૨૯)નુ ભાષ્યગત લખાણ

આ પ્રશ્નના ઉત્તરરૂપ આગમોદ્ધારક "શ્રીતત્ત્વાર્થકર્તૃત મત ન શ્રીતત્ત્વાર્થસૂત્ર કે કર્તા શ્વેતામ્બર હૈ યા દિગમ્બર? નીવ નિબંધ હિન્દીમા લખ્યો છે અને એ નામની ગ્રન્થ સ ૧૯૩મા પ્રસિદ્ધ થયો છે

વિક્રમની પહેલી સદીના પ્રારંભમાં ક્યારેક થયા છે એમ કહી શકાય.

જો ધર્મસાગરીય **પટ્ટાવલીનું** કથન વ્યાજબી ઠરે અર્થાત્ **સ્વાતિ** એ જ ઉમાસ્વાતિ છે વગેરે બાબત સાબિત થાય તો એઓ **વીરસંવત્** ૩૭૬ની આસપાસ થઈ ગયેલા મનાય.

આ પ્રમાણેની પરિસ્થિતિમાં હું એમ માનવા લલચાઉં છું કે ઉમાસ્વાતિ વહેલામાં વહેલા **વિક્રમની પહેલી** સદીમાં અને મોડામાં મોડા **વિક્રમની** ત્રીજી–ચોથી સદીમાં થયા છે.

ઉત્તરજ્ઝયણ (અ. ૨૮, ગા. ૬ ને ૧૦), [1]**કણાદ–સૂત્ર** (૧, ૧, ૧૬), **યોગસૂત્ર** (૩, ૨૨) ઉપરનું ભાષ્ય ઇત્યાદિનો વિચાર કરતાં ઉપર્યુક્ત અટકળનુ સમર્થન થાય છે એટલુ જ હું અહી સંક્ષેપમાં સૂચવુ છુ.[2]

તત્ત્વાર્થસૂત્રના દ્રવ્ય, ગુણ અને કાળનાં લક્ષણવાળા સૂત્રોને **ઉત્તરજ્ઝયણ** સિવાયના અને એના કરતાં કોઈ પ્રાચીન આગમનો આધાર છે?

તત્ત્વાર્થસૂત્રમાં અપાયેલાં દ્રવ્ય અને સત્‌નાં લક્ષણો કુન્દકુન્દ આચાર્યના **પંચત્થિકાય** (ગા. ૧૦)નુ સ્મરણ કરાવે છે.

કૃતિકલાપ—કહાવલીની અશુદ્ધ હાથપોથી (ભા. ૨, ૧૮૦[3]અ)માં **મલ્લવાદી**ની કથા શરૂ કરાઈ છે, તે પૂર્વે ઉમાસ્વાતિને અંગે નીચે મુજબની પંક્તિ છે.—

"जहा **उमासाइ**वायगो–विरइयाणि ए.
उमोसाइवायगेण–एसगरइत्ततथइणिसद्दत्थाणेगपगरणाणि गेया पस्सव वे वि देवलोगं ति"

---

૧ આની રચના ઇ. સ. પૂર્વે પહેલા સૈકામાં થઈ છે એમ મનાય છે.

૨ આ બાબત ગુજરાતીમાં જાણવા ઇચ્છનારે તત્ત્વાર્થસૂત્ર (ગૂજરાતી વ્યાખ્યા સહિત)નો પરિચય (પૃ. ૧૨–૧૮) જોવો.

૩ પહેલી પૂઠી.

આ ઉપરથી જોઇ શકાય છે કે ઉમાસ્વાતિએ અનેક પ્રકરણો રચ્યાં હતાં. એમણે પાંચસે પ્રકરણો રચ્યા હતા એવા કેટલાક ઉલ્લેખો મળે છે –

(૧) જિનદત્તસૂરિકૃત ગણહરસદ્ધસયગ (ગા. ૫૦)
(૨) જિનપ્રભસૂરિકૃત વિવિધતીર્થકલ્પ.
(૩) હરિભદ્રસૂરિકૃત પ્રશમરતિની ટીકા.

અત્યારે તો હું નીચે મુજબના ચાર જ ગ્રન્થોને નિઃસંદિગ્ધ રીતે ઉમાસ્વાતિની કૃતિ ગણું છું —

(૧) તત્ત્વાર્થાધિગમશાસ્ત્ર.
(૨) તત્ત્વાર્થાધિગમશાસ્ત્રનું ભાષ્ય.
(૩) પ્રશમરતિ.
(૪) શૌચપ્રકરણ

આ ઉપરાંતના નીચે પ્રમાણેના ગ્રન્થોને પણ કેટલાક એમની કૃતિ ગણે છે —

(૧) ખેત્તસમાસ (ક્ષેત્રસમાસ)
(૨) જમ્બૂદ્વીપસમાસપ્રકરણ
(૩) પૂજાપ્રકરણ
(૪) સાવયપણ્ણત્તિ (શ્રાવકપ્રજ્ઞપ્તિ)

આ ઉપરાંત પણ એમની કોઇ કૃતિ કે કૃતિઓ હોવી જોઇએ એમ સિદ્ધસેનગણિકૃત તત્ત્વાર્થટીકાનું [૧]અવતરણ અભયદેવસૂરિએ રચેલી ઠાણ અને પંચાસગની ટીકામાંનાં તેમજ શાન્તિસૂરિકૃત 'પાઇય ટીકામાંનાં [૨]અવતરણો અને ભાવવિજયકૃત ઉત્તરજ્ઝયણની ટીકામાંનું [૩]અવતરણ જોતાં જણાય છે 'સૂચિકટાહ ન્યાયે આપણે ઉપલબ્ધ કૃતિઓ વિચારીશું.

શૌચપ્રકરણ—તત્ત્વાર્થસૂત્ર ઉપર સિદ્ધસેનગણિએ જે ટીકા રચી

૧-૩ આ માટે જુઓ સભાષ્ય સટીક તત્ત્વાર્થાધિગમસૂત્ર(ભા. ૧)ની મારી સંસ્કૃત પ્રસ્તાવના (પૃ. ૨૦-૨૨)

છે તેમાં પૃ. ૭૭ (ભા. ૨)માં શૌચપ્રકરણનો ઉલ્લેખ છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે —

" अदत्तादानं नाम परैः परिगृहीतस्य तृणादेरप्यनिसृष्टस्य ग्रहणं स्तेयम् "

આ શૌચપ્રકરણ આજ દિન સુધી તો કોઇ સ્થળેથી મળી આવ્યું નથી.

તત્ત્વાર્થસૂત્ર—આ લગભગ ૨૦૦ શ્લોક જેવડી લઘુ કૃતિ છે. શ્વેતાંબરોના મતે એમાં ૩૪૪ સૂત્ર છે, જ્યારે દિગંબરો પ્રમાણે આ સંખ્યા ૩૫૭ની છે. આમ સંખ્યામાં અને કોઇ કોઇ ઠેકાણે પાઠમાં ભિન્નતા હોવા છતાં આ કૃતિ બંને સંપ્રદાયોને માનનીય છે. દિગંબરોમાં તો એ 'મોક્ષશાસ્ત્ર' તરીકે પ્રસિદ્ધ છે અને એના એક વારના પઠનથી ઉપવાસનું ફળ મળે છે એમ એઓ માને છે.

ત૦ ભા૦ની પ્રશસ્તિના [1]છઠ્ઠા પદ્યમાં એમ કહ્યું છે કે જે **તત્ત્વાર્થાધિગમશાસ્ત્ર**ને જાણશે અને એમાં કહ્યા પ્રમાણે વર્તશે તે અવ્યાબાધ સુખ યાને મોક્ષ નામના પરમાર્થને સત્વર મેળવશે.

રચનાનો હેતુ પ્રશસ્તિ (શ્લો. ૪–૫)માં એ દર્શાવાયો છે કે ગુરુ-પરંપરાથી યથાર્થ રીતે ઉત્તમ જિનવાણીને પ્રાપ્ત કરીને, દુષ્ટ આગમો વડે હણાયેલી બુદ્ધિવાળા અને દુઃખથી પીડાતા એવા લોકોને જોઇને જીવો ઉપર અનુકંપા ઉત્પન્ન થવાથી **તત્ત્વાર્થાધિગમશાસ્ત્ર** ઉમાસ્વાતિએ રચ્યું.

તત્ત્વાર્થસૂત્રનું ભાષ્ય—**તત્ત્વાર્થસૂત્ર**નું ભાષ્ય ૨૨૦૦ શ્લોક જેટલું છે. એમાં આવતા વિષયોનું અધ્યાયદીઠ નિરૂપણ **તત્ત્વાર્થસૂત્ર**ની હરિભદ્રસૂરિકૃત ટીકા ઇત્યાદિ સહિત જે આવૃત્તિ ઋષભદેવજી કેસરીમલજી શ્વેતાંબર સંસ્થા તરફથી ઇ. સ. ૧૯૩૬મા પ્રસિદ્ધ થઇ છે તેમાં છે, અને એ એના સંપાદક મહાશય આગમોદ્ધારકને હાથે કરાયું હોય એમ લાગે છે.

---

૧ " यस्तत्त्वार्थाधिगमाख्यं ज्ञास्यति च करिष्यते तत्रोक्तम् ।
सोऽव्याबाधसुखाख्यं प्राप्स्यत्यचिरेण परमार्थम् ॥ "

ઉત્થાનિકા

ભાષ્યની સ્વોપજ્ઞતા—હરિભદ્રસૂરિએ રચેલા શાસ્ત્રવાર્તાસમુચ્ચયનું ૬૯૭મું પદ્ય તે તત્ત્વાર્થસૂત્રના ભાષ્યના અંતમાંના ૩૨ પદ્યોમાંનું આઠમું પદ્ય છે એને ઉમાસ્વાતિમૂક ગણી હરિભદ્રસૂરિએ ઉદ્ધૃત કર્યું છે

વિશેષમાં આ સૂરિએ તત્ત્વાર્થસૂત્ર (અ. ૨ સૂ ૪૩)ની ટીકા (પત્ર ૧૪૧)માં નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે તે પણ આ હકીકતનું સમર્થન કરે છે —

एतच्चिव धनत्वात सारस्वति स्वाभिप्रायमभिधाय मतान्तरमुपन्यस्याह– एके त्विन्यादिना

સિદ્ધસેનગણિએ તત્ત્વાર્થસૂત્ર (અ. ૯ સૂ. ૭)ની ટીકા (૨ ૨૫૩)માં "सहनमूत्रसन्निवेचनमन्योक्तम्" એમ જે કહ્યું છે તે આ ગણિવર ભાષ્યને સ્વોપજ્ઞ માને છે એ વાતનું દ્યોતક છે

સંબંધકારિકા (શ્લો. ૨૨ અને ૩૧)માં અને કેટલેક સ્થળે ભાષ્યમાં પ્રથમ પુરુષના નિર્દેશપૂર્વક કરાયેલી પ્રતિજ્ઞાનું પાલન સૂત્રમાં જ જોવાય છે તેથી ભાષ્ય અને સૂત્રના કર્તા એક જ છે

ભાષ્યમાં સૂત્રના પાઠભેદ નો તેમજ અર્થની સદિગ્ધતાનો અને વિચારણાનો અભાવ પણ આ જ અનુમાન પર લઈ જાય છે

જો ભાષ્યકાર સૂત્રકાર ન જ હોય તો ભાષ્યકારે સૂત્રકાર વિષે પ્રશસ્તિરૂપે કેમ કશું કહ્યું નથી? વળી ભાષ્યકારે મંગલાચરણરૂપે પણ કેમ કશું કહ્યું નથી?

ભાષ્યમાં आह उक्त च એવા ઉલ્લેખપૂર્વક જે પદ્યો આવે છે તે સ્વ ભાષ્યકારનાં જ છે

ભાષ્યની કારિકાઓ—ભાષ્યના પ્રારંભમાં અપાયેલી ૩૧ કારિકાઓ–સંબંધકારિકાઓ તત્ત્વાર્થસૂત્ર નામની મૂળ કૃતિને જ ઉદ્દેશીને રચાયેલી હોય એમ લાગે છે એ જેમ મહત્ત્વની અને સાથે સાથ મનોહર અને ગંભીર છે તેમ અંતમાંની કારિકાઓ પણ છે કેટલાક આ કારિકાઓને

ગ્રન્થકારની કૃતિ માનવા પ્રેરાય છે તો તેમ કરવું યુક્તિયુક્ત નથી, કેમકે જો એ સૂત્રકારની જ કૃતિ હોય તો એના ઉપર કેમ કશું વિવરણ ભાષ્યકારે કર્યું નહિ એવો પ્રશ્ન પૂછી શકાય તેમ છે.

ભાષ્યની વિશિષ્ટતા—સોપક્રમ આયુષ્યના પક્ષની ઉપપત્તિ માટે **તત્ત્વાર્થસૂત્ર**ના ભાષ્યમાં [1]બે દાખલા અપાયા છે તે **યોગસૂત્ર**ના ભાષ્યમાં પણ છે એટલુ જ નહિ પણ બન્નેના શબ્દોમાં પણ સમાનતા છે, આ સંબંધમાં ગણિતવિષયક જે ત્રીજો દાખલો **તત્ત્વાર્થસૂત્ર**ના ભાષ્યમા છે તે **યોગસૂત્ર**ના ભાષ્યમાં નથી.

સન્તુલન-ઇ. સ.ની શરૂઆતમાં રચાયેલા મનાતા **અક્ષપાદ**ના **ન્યાયદર્શન** સાથે અને એના ઉપરના બીજા-ત્રીજા સૈકાના **વાત્સ્યાયને** રચેલા ભાષ્ય સાથે **તત્ત્વાર્થસૂત્ર**ના ભાષ્યના કેટલાક શબ્દો અને વિષયો મળતા આવે છે.

તત્ત્વાર્થસૂત્ર (૧, ૫; ૨, ૧૫)ના ભાષ્યમાં **અષ્ટાધ્યાયી**માં મળી આવતાં સૂત્રો છે.

સંદિગ્ધ કૃતિઓ—ઉમાસ્વાતિએ રચેલી મનાતી જે કૃતિઓ વિષે મારું મન અંશતઃ શંકાશીલ રહે છે એને હુ એમની સંદિગ્ધ કૃતિઓ કહુ છુ. એ એમની કૃતિઓ ન જ હોઈ શકે એમ કહેવા માટે મારી પાસે કોઇ વિશિષ્ટ અને અકાટચ પ્રમાણ નથી, પરતુ જ્યાં સુધી મને એમની આ કૃતિઓમાંથી પ્રૌઢ અને પ્રાચીન ગ્રન્થકારોએ ઉમાસ્વાતિના નામપૂર્વક અવતરણો મળી આવે નહિ તેમજ આ સંદિગ્ધ કૃતિઓની પ્રાચીન અને વિશ્વસનીય હાથપોથીઓમાં ઉમાસ્વાતિનો કર્તા તરીકે નિર્દેશ કરતી પુષ્પિકા મળી આવે નહિ ત્યાં સુધી તો એ કૃતિઓને સદિગ્ધ ગણુ છું. તેમ છતાં એનો પણ થોડેઘણે અશે પરિચય કરાવું છું.

ખેત્તસમાસ—ખેત્તવિચાર તરીકે ઓળખાવાતી કૃતિ તે આ જ

---

૧ આ બે દાખલા કોઇ આગમમાં મળે છે ખરા ?

હશે. આગમોદ્ધારકના મતે ખેત્તસમાસ (યાને ક્ષેત્રસમાસ) તે ઉમાસ્વાતિની જ કૃતિ છે. પણ આ પાઇય કૃતિ મારા જોવામાં નથી

જમ્બૂદ્વીપસમાસ—પ્રારંભમાં એક પદ્ય છે ત્યાર પછીનો ભા... તમામ ગદ્યમાં છે આખી કૃતિ ચાર આહ્નિકમાં વિભક્ત છે અહીં જમ્બૂદ્વીપનું સ્વરૂપ ટૂંકમાં સમજાવાયું છે આ પણ A S B તરફથી ...ના ઉપર વિજયસિંહસૂરિએ વિનેયજનહિતા નામની સંસ્કૃતમાં ટીકા ...ાં છે એમાંથી કેટલોક ભાગ પણ અહીં અપાયો છે

પૂજાપ્રકરણ—આમાં ૧૯ પદ્યો છે પૂર્વ વગેરે દિશાની સામ... ...ીને પૂજા કરવાથી શું શું ફળ મળે એ બાબત નવ અંગે તિલક... ...વાની હકીકત, અષ્ટ પૂજાનું સ્વરૂપ અને અંતમાં ૨૧ પ્રકારની જિનપૂજાનું ઘોતન એમ વિવિધ વિષયો સંક્ષેપમાં આલેખાયા છે આ નાનકડું પ્રકરણ A S B તરફથી છપાયેલું છે એના અન્તમાં આ પ્રસિદ્ધિ પ્રમાણે ઉમાસ્વાતિ વાચકે રચેલું છે એવો ઉલ્લેખ છે

પંચાસગની ટીકા (પત્ર. ૨આ)માં અભયદેવસૂરિએ ઉમાસ્વાતિ... ...ેલી શ્રાવકપ્રજ્ઞપ્તિમાં શ્રાવક ધર્મ કહ્યો છે એવો ઉલ્લેખ કર્યો છે

આ નામની એક સંસ્કૃત કૃતિ ઉમાસ્વાતિએ રચી છે એમ ...ધર્મબિન્દુ ઉપરની મુનિચન્દ્રસૂરિકૃત ટીકા (પત્ર ૩૫આ)માં બારમા ...ના અધિકારમાં ઉમાસ્વાતિકૃત શ્રાવકપ્રજ્ઞપ્તિ એવો સ્પષ્ટ ઉલ્લેખ ...ક અપાયેલા નીચે મુજબના પાઠ ઉપરથી જણાય છે —

અતિથિસંવિભાગો નામ અતિથય—સાધવ સાધ્વ્ય શ્રાવકા શ્રાવિકાશ્ચ ... गृहमुपागतेषु भक्त्याऽभ्युत्थानासनपादप्रमार्जननमस्कारादिभिरर्चयित्वा ...वैभवशक्ति अन्नपानवस्त्रौषधाद्यादिप्रदानेन संविभागः कार्यः ।

...ओ श्रीतत्त्वार्थसूत्र मतनिर्णय (पृ १)

...तजननयनचान्त नक्षत्रेश्वविघनदीधितिविनाशम् ।
...प्युगत प्रमादलमभिरक्षतु न सदा जैनम् ॥
...स्वातिवाचकेन समस्तेन सम्यक्त्वादिवु श्रावकधर्मस्यार्थो भसौ उक्त ।
...स्वातिवाचकविरचितश्रावकप्रज्ञप्तिसूत्रम्'

માનવિજયે ધર્મસંગ્રહ રચ્યો છે, અને એ ન્યાયાચાર્ય યશોવિજય-ગણિએ સુધાર્યો છે. એમાં (ભા ૧, પત્ર ૯૬ અ)માં પણ આ પાઠ ઉમાસ્વાતિકૃત શ્રાવકપ્રજ્ઞપ્તિમાંથી છે એવા સ્પષ્ટ ઉલ્લેખપૂર્વક અપાયો છે.

સાવયપણ્ણત્તિ (સાવગધમ્મસમાસ)—આ પાઇય કૃતિ છે. એમા ૪૦૧ પદ્યો છે. આનુ ૨૯૯મુ પદ્ય આવસ્સય (૬, ૯; પત્ર ૮૩૧આ)-માથી ઉદ્ધૃત કરાયું હોય એમ લાગે છે. આ **સાવયપણ્ણત્તિ** ઉપર **અનેકાન્તજયપતાકા** વગેરેના કર્તા હરિભદ્રસૂરિની સંસ્કૃતમાં ટીકા છે. આ હરિભદ્રસૂરિએ આ કૃતિને **શ્રાવકપ્રજ્ઞપ્તિપ્રકરણ** કહેલી છે. આ કૃતિમાં સાવગધમ્મ અને સમાસ એ બેનો સ્પષ્ટ ઉલ્લેખ હોવાથી હું એને **સાવગધમ્મસમાસ** કહેવા લલચાઉ છુ. આ કૃતિમાં શ્રાવકોનાં બાર વ્રતોના અતિચારોનુ જે નિરૂપણ છે તે **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૭ સૂ. ૨૦–૩૧)ના ભાષ્ય (પૃ.૮૨–૮૫)માંના નિરૂપણથી ભિન્ન છે. આ કારણને લઈને તેમજ **પંચાસગ**ના શરૂઆતના બીજા પદ્યની ટીકામાં (પત્ર ૩આ)મા અભયદેવસરિએ આ **સાવયપણ્ણત્તિ**નુ બીજું પદ્ય અવતરણરૂપે આપતી વેળા એને પૂજ્યે કહ્યું છે એવો ઉલ્લેખ છે અને આ પૂજ્ય તે હરિભદ્રસૂરિ છે એમ મને લાગે છે એથી હું આ કૃતિને ઉમાસ્વાતિની રચના માનતાં અચકાઉ છુ.

ઉમાસ્વાતિએ સાવયપણ્ણત્તિ નામની કૃતિ રચી છે એવુ વિધાન પ્રથમ કોણે કર્યું છે? ઉમાસ્વાતિએ **સાવયપણ્ણત્તિ** નામની કૃતિ રચી હોય અને તે લુપ્ત બનતાં તો આ હારિભદ્રીય કૃતિને જ નામસામ્યને લઇને એમની કૃતિ તરીકે ઓળખાવવા નહિ જોડાઈ હોય ? આના ઉત્તર વિચારવાનુ કાર્ય અત્ર મોકુફ રાખી હુ એટલો નિર્દેશ કરીશ કે **ઉવાસગદસા** અને **આવસ્સય**મા જે ૧૫ કર્માદાનનુ નિરૂપણ છે તે **તત્ત્વાર્થસૂત્ર** કે એના ભાષ્યમાં નથી.

આ પ્રમાણે શ્રી વાચકવર્ય ઉમાસ્વાતિનું જીવનવૃત્તાન્ત સંક્ષેપમાં રજૂ કરી વિરમું અને પ્રસ્તુત વ્યાખ્યાતાના—વિવેચનકારના વ્યાખ્યાનો વિષે વિચાર કરવા પ્રવૃત્ત થાઉં તે પૂર્વે બે બાબત નોંધું છું—

(૧) ઉમાસ્વાતિ એ નામની વિવિધ વ્યુત્પત્તિઓ—અર્થ—પ્રતિ સિદ્ધહેમચન્દ્ર (૨-૨-૩૮)ના લઘુ ન્યાસ (પત્ર ૩૧અ)ની નિમ્ન લિખિત પંક્તિમાં જોવાય છે—

उमा-कीर्ति सुष्ठु अततीति पाणाघाभजिभ्याम् इति इः णित् यद्वा उमा-कीर्ति स्वातिरिवोज्ज्वला यस्य यद्वा उमा माता स्वाति पिता तयोर्जातत्वात् पुत्रोऽप्युमास्वाति"

(૨) આગમોદ્ધારકે "આર્ય અનાર્ય કે ? અને ઉમાસ્વાતિ વાચક" એ નામનો લેખ લખ્યો છે અને એ "સિદ્ધચક્ર" (વર્ષ ૭ અ. ૮ પૃ. ૧૬૮-૯)માં છપાયો છે.

લક્ષણ—વ્યાખ્યાનોની એક વિશિષ્ટતા તે એમાં અપાયેલાં કેટલાંક લક્ષણો છે કેમકે સાદી અને ચોટ ભાષામાં પારિભાષિક શબ્દોનાં લક્ષણો રજૂ કરવાની કળા બધાને સાધ્ય નથી. અહીં હું કેટલાંક નોંધપાત્ર લક્ષણોનો નિર્દેશ કરું છું—

અગિયારમું ગુણસ્થાનક—મોક્ષની સીડીનું લપસણું પગથિયું તે અગિયારમું ગુણસ્થાન (પૃ. ૧૨૫)

અધર્મ—આન્તરિક અશુભ હેતુ તેનું નામ જ અધર્મ (પૃ. ૮૨)

અહિંસા—હિંસા ન કરવાની પ્રતિજ્ઞા તેનું નામ અહિંસા (પૃ. ૭૨)

આયુષ્ય—ગત્યન્તર કરતાં–એક ગતિમાંથી નીકળી બીજી ગતિમાં ઉત્પન્ન થતાં ઉદયમાં પ્રથમ જે કર્મ આવે તે આયુષ્ય (પૃ. ૧૯)

કર્મ—આ જન્મમાં અસાધ્યમાં અસાધ્ય વ્યાધિ હોય તો તે કર્મ (પૃ. ૧૯)

કર્મ-ભૂમિ—લૌકિક દૃષ્ટિએ જ્યાં અસિ મસી તથા કૃષિ હોય

તે 'કર્મ-ભૂમિ'. લોકોત્તર દૃષ્ટિએ જ્યા ધર્મની પ્રવૃત્તિ હોય તે 'કર્મ-ભૂમિ'. (પૃ. ૫૨)

કિંમતી—જે એક ચીજથી બીજી અનેક ચીજ મળે તે 'કિંમતી'. (પૃ. ૯૭)

ગુનેગાર—નવો પાપી તે 'ગુનેગાર'. (પૃ ૬૫)

ચારિત્ર—સાધકોને વધારવા માટે, બાધકોને દૂર કરવા માટે જે રાતદિવસનો પ્રયત્ન તે જ '(સમ્યક્)ચારિત્ર'. (પૃ ૧૭૦)

જન્મ—વગર કબુલાતે કબૂલ થયેલી ચીજ તે 'જન્મ'. (પૃ. ૧૪૮)

જ્ઞાન—જેમા મોક્ષનુ સાધ્ય હોય તેનું નામ જ 'જ્ઞાન'. (પૃ. ૧૦૮)

ચોથું ગુણસ્થાન—જે ગુણસ્થાને મોક્ષ જ જોઇએ એ ઇચ્છા હોય તે 'ચોથુ ગુણસ્થાન'. (પૃ ૧૮)

જરૂરી—જેના આવ્યા વગર અડચણ હોય, જેના આવવાથી ફાયદો થાય, ન આવવાથી નુકસાન દેખાય તે 'જરૂરી'. (પૃ. ૯૦)

'દાનરુચિ' ગુણ—જે ગુણના પ્રભાવે મનુષ્યપણામા પૃથ્વી આદિ તમામ પ્રાણી વગેરે તરફથી સુખ મળે અને મનુષ્યત્વ નીભે તે ગુણ તે 'દાનરુચિ' ગુણ છે. (પૃ. ૩૨)

દુખી—જૂનો પાપી તે 'દુખી' (પૃ. ૬૫)

દેવભવ—બાપની મુડીનો માલદાર તે 'દેવ–ભવ' (પૃ. ૭)

ધર્મ—આતરિક શુભ હેતુ તેનુ નામ જ 'ધર્મ'. (પૃ. ૯૨)

ન્યાય—ગુનાને, સજાને સીધો સબધ વિચારાય તેનુ નામ 'ન્યાય'. (પૃ ૬૫)

પ્રથમ ગુણસ્થાનક—જે ગુણસ્થાનકે મોક્ષ પણ જોઇએ એવી ઇચ્છા હોય તે 'પ્રથમ ગુણસ્થાનક' (પૃ. ૧૮)

બીનજરૂરી—જેના આવવાથી ફાયદો ન દેખાય, ન આવવાથી નુકશાન પણ ન દેખાય તે 'બીનજરૂરી' (પૃ ૯૦)

મનુષ્યત્વની પ્રાપ્તિનું સાધન—જે વિના પ્રસંગે તો પોતે
બગાડે પણ પ્રસંગે પણ પોતે ન જ બગાડે તે મનુષ્ય થાય. (પૃ ૩૦)

મનુષ્ય-જીવ—જે ચોપડામાં જે આવે તે જમે ઉધાર નહિ તે
ચાપડો તે 'મનુષ્ય-જીવ (પૃ ૧૧૯)

મનુષ્ય-દેહ—મનુષ્ય-દેહ એટલે મોક્ષની નીસરણી (પૃ ૧૦)

મરણ—મરણ એટલે તો આયુષ્ય ને ગતિનો અભાવ. (પૃ ૧૦૨)

મિથ્યાત્વી—જે જીવ જિન્દગીને જેલ બનાવે તે મિથ્યાત્વી
(પૃ ૨)

મોક્ષ—જેનો ભય જીવને દરેક ક્ષણે ને સમયે રહ્યો છે તે ભય
જ્યાં નથી તેનું નામ મોક્ષ અથવા અમરપટો (પૃ ૬૪)

શાશ્વતા રહેવાનું મોટામાં મોટું સ્થાન તે મોક્ષ (૬૪)

જ્યાં જન્મ ન મરણનો ભય જ નથી તે મોક્ષ (૬૪)

વિદ્વાન્—જાણીને ક્રિયા કરે તેનું નામ વિદ્વાન્ (૧૦૭

સમકિત (સમ્યગ્-દર્શન)—જે સાધ્ય છે તે સાધવું જ છે
સાધ્ય જ સાધવું જ છે જ આ સ્થિતિ એનું નામ સમકિત (પૃ ૧૭૦

સમકિતી—જે જીવ જિન્દગીને મહેલ બનાવે તે સમકિતી (પૃ ૨)

સમ્યગ્જ્ઞાન—સાધ્યના સાધક-બાધકનો બોધ તેનું નામ સમ્યગ્જ્ઞાન.
(પૃ ૧૭)

ચરિત્ર—પ્રસ્તુત વ્યાખ્યાતા પ્રસંગવશાત્ ઐતિહાસિક કે પૌરાણિક
વ્યક્તિના જીવનની કોઈક ઘટના આલેખે છે આ બાબતના સમર્થનાર્થે
હું અહીં જે તામલિ તાપસનું ચરિત્ર અપાયું છે તેની પ્રથમ નોંધ લઉં છું

આ તાપસની તીવ્ર તપશ્ચર્યા અને તેના અલ્પ ફળ વિષે શ્રીસ્થાના
સૂત્ર' (સ્થાન ૫ ઉદ્દેશક ૧) ના વ્યાખ્યાનસંગ્રહ" (પૃ ૧૮૮-૯)મ
વિચાર કરાયો છે આનું ચરિત્ર વિયાહપણ્ણત્તિ (સ ૩ ઉ ૧
સૂત્ર ૧૩૪)માં અપાયું છે એનો ભાષાનુવાદ શ્રીભગવતી-સાર

(પૃ. ૧૯૦–૧૯૫)માં છે.

બીજી નોંધ સુલસા (પૃ. ૧૬–૧૮, ૧૫૮–૯) વિષે છે —

પ્રાચીન સમયમાં [1]સુલસા નામની અનેક વ્યક્તિઓ થઈ ગઈ છે તેમા નીચે મુજબની વ્યક્તિઓ ભિન્ન ભિન્ન ગણાવાય છે —

(૧) આ અવસર્પિણીમાં ભરતક્ષેત્રમા થઈ ગયેલા નવમા તીર્થંકર સુવિધિ ઉર્ફે પુષ્પદન્તની પ્રથમ શિષ્યા. જુઓ **સમવાય** ([2]સુત્ત ૧૫૭, પત્ર ૧૪૫અ).

(૨) શ્રીમહાવીરસ્વામીની એક ઉત્તમ શ્રમણોપાસિકા કે જેનો આત્મા આગામિ–કાલમાં તીર્થંકર થનાર છે. જુઓ **સમવાય** (સુત્ત ૧૫૮, પત્ર ૧૪૬અ) અને **ઠાણ** (ઠા. ૯, પત્ર ૪૫૫અ)

(૩) **નાગ** નામના ગૃહપતિની પત્ની. જુઓ **અંતગડદસા** (વગ્ગ ૩, અ. ૧, પત્ર ૪અ–આ).

(૪) **શક્રની** એક અગ્ર–મહિષી, ઇન્દ્રાણી. જુઓ **પઉમચરિય** (૧૦૨, ગાથા ૧૫૯).

(૫) 'શંખપુર'ના રાજા **સુન્દરની** પત્ની જુઓ ડૉ **યાકોબી** દ્વારા ઇ સ. ૧૮૮૬માં સંપાદિત કરાયેલ [3]પુસ્તક.

આ પૈકી બીજી જ વ્યક્તિ અત્ર પ્રસ્તુત છે, કેમકે ત્રીજી વ્યક્તિ તો **અરિષ્ટનેમિના** તીર્થમા થયેલી છે, અને એને **નાગ** નામે પતિ અને **અણીયજસ** (**અનીકયશસ્**) નામે પુત્ર હતો કે જેઓ **અરિષ્ટનેમિ** પાસે દીક્ષા લઇ '**શત્રુંજય**' પર્વત પર માસિક સંલેખના કરી મોક્ષે ગયા.

---

૧ આ જ્યારે 'દેસી' શબ્દ હોય ત્યારે એનો તેમજ સુલસમંજરીનો અર્થ 'તુલસી' થાય છે. જુઓ હેમચન્દ્રસૂરિકૃત **દેસીસદ્દસંગહ** (૮, ૪૦) ને ધનપાલકૃત **પાઇયલચ્છીનામમાલા** (શબ્દાંક ૩૭૫).

૨ **મફતલાલ** ઝવેરચંદ દ્વારા ઇ. સ. ૧૯૩૮માં સંપાદિત આવૃત્તિ.

3 Ausgewahlte Erzahlungen in Maharastri

ઉપોદ્ઘાત

આ પ્રસ્તુત વ્યક્તિનુ ચરિત્ર કોઈ આગમમા હોય એમ જણાતુ નથી બાકી ઠાણ (ઠા ૯ સુ ૬૯૧)મા મહાવીર સ્વામીના તીર્થમા નવ જીવોએ તીર્થંકરનામ-ગોત્ર-કર્મ ઉપાર્જન કર્યાનો ઉલ્લેખ છે અને એમા સુલસાનુ નામ છે વળી આના પછીના સુત્તમા ભાવિત-બુદ્ધ अम्बड परिव्राजक એવો ઉલ્લેખ છે

આવસ્સયના ચોથા પ્રતિક્રમણ નામના અજ્ઝયણ ઉપરની ચુણ્ણિ (ભા ૨ પત્ર ૧૬૪)મા આ સુલસા વિષે થોડીક હકીકત છે જેમકે એ નાગ નામના રથિકની પત્ની છે એણે લક્ષપાક તેલ બનાવ્યુ હતુ એની શ્રાવિકા તરીકે પ્રશંસા થતી સાંભળી એક દેવ સાધુરૂપમા એની પરીક્ષા કરી અને પ્રસન્ન થઈ બત્રીસ ગોળીઓ આપી એ સમકાળ એણે ખાધી અને વખત જતા એને બત્રીસ પુત્ર થયા આ હકીકત લગભગ આજ શબ્દોમા હરિભદ્રસૂરિએ આવસ્સયની ટીકા (પત્ર ૬૭૬ અ-આ)મા આપી છે

દસવેયાલિય (અ ૩)ની ચુણ્ણિ (પત્ર ૯૬)મા અમૂઢ દૃષ્ટિના ઉદાહરણ તરીકે સુલસા અને અમ્બડ વિષે હકીકત છે આ જ હકીકત થોડાક અંશે એના એ શબ્દોમા હરિભદ્રસૂરિએ આની ટીકા (પત્ર ૧૦૨ આ)મા આપી છે આ બંને સ્થળે કુશળતા પૂછ્યાની વાત છે

પણ્ણવણા (પદ ૧ સુ ૭)ની મલયગિરિસૂરિકૃત ટીકા (પત્ર ૬૧ અ)મા અમૂઢ દૃષ્ટિના ઉદાહરણ તરીકે સુલસા અને અમ્બડ [illegible] રૂપમા નોધ ।

હેમચન્દ્રસૂરિએ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર (પર્વ ૧૦ સર્ગ ૯)મા ૯મા પદ્યથી આ સર્ગના અન્ત સુધી—૩૧૧મા પદ્ય સુધી—સુલસાનુ ચરિત્ર આલેખ્યુ છે એમા ૨૯૪મુ પદ્ય નીચે મુજબ છે :—

त्वं नागरथिकस्याप्ता [illegible] ।
प्रतिमासमागमात् पुत्राः पैतृक [illegible] ॥ ७४ ॥

---

१ [illegible]

દાર્શનિક મુદ્દાઓ—

પહેલા અને ચૌદમા ગુણસ્થાન વચ્ચે જઘન્ય આંતરું અંતર્મુહૂર્તનું હોય છે. (પૃ. ૧૧૧)

ભગવાનના કહેલા પદાર્થોને પણ ગૌતમસ્વામીજી હેતુ-યુક્તિ દ્વારા માનતા હતા (પૃ. ૧૧૭)

દુર્ગતિ ન થાય તે હેતુએ કષાયો રોકાય, મન્દ કરાય ત્યારે સ્વભાવથી કષાયો પાતળા કર્યા ગણાય અને એ રીતે કષાયો પાતળા થવાથી મનુષ્યભવ મળે (પૃ ૧૧૯).

નિગોદ તથા મોક્ષ આ બે સ્થાન સિવાય તમામ સ્થાને ઉન્નતિ પણ છે, અવનતિ પણ છે (પૃ. ૧૨૬).

નિગોદથી બહાર આવવું એ કંઈ જેવી તેવી ઉત્ક્રાન્તિ નથી (પૃ ૧૨૬).

કર્મ તે જ જૈન શાસનમાં શત્રુ તરીકે ગણાય (પૃ. ૧૩૮).

જે જીવ નથી એમ કહે તે જ જીવ છે (પૃ. ૧૪૬).

પુદ્ગલની મદદ વગર મહેનત કરનારા બે જ— અયોગિ-કેવળી અને સિદ્ધ પરમાત્મા (પૃ. ૧૪૯).

બુદ્ધિ સંસ્કારની દાસી છે (પૃ ૧૫૬),

સમ્યક્ત્વ—આને અંગે ત્રણ એકરાર અને ત્રણ ઉદ્ઘોષણા જે અસલ કરાતા તેનું સ્વરૂપ પૃ. ૧૫૭-૮માં વિચારાયું છે.

મનુષ્યત્વ વિષે વિચાર—મનુષ્યપણું પામવું કેટલું દુર્લભ છે એ વાત પૃ ૬-૧૨માં દુનિયાની અપેક્ષાએ તેમજ હેતુ દ્વારા એમ બે રીતે વિચારાઇ છે.

મનુષ્યપણા કરતા સ્વર્ગમાં સુખસાહ્યબીના સાધનોની અધિકતા છે (પૃ ૬),

મનુષ્યપણામાંથી જ મોક્ષ મળે છે. (પૃ. ૬)

મનુષ્ય મરીને મનુષ્ય થાય (પૃ ૭)

મનુષ્યપણાના ઉમેદવાર ઘણા, જ્યારે સ્વર્ગ તો અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય જ મેળવી

થકે (પૃ ૧૦) મનુષ્યગતિના સ્થાન મર્યાદિત છે (પૃ ૧૦) ગર્ભજ મનુષ્યની–અને સમૂર્છિમ મનુષ્યની પણ ઉત્પત્તિ ગર્ભજ મનુષ્યથી છે (પૃ ૧૦) મનુષ્ય-ભવને ફળ હોય નહિ પણ લાવીને એમા વાના રેય (પૃ ૧૪૫) મનુષ્ય-જન્મના ૬ પ્રકાર છે એ બાબત પૃ ૧૫–૧૫૧મા તેમજ દૃષ્ટાન્તથી પૃ. ૧૬૧–૨મા જૂ જાયુ છે મનુષ્યપણાની પ્રાપ્તિ આકસ્મિક છે (પૃ ૧૬૩) અને મનુષ્યપણુ ત્રણ કારણથી મળે (પૃ ૧૬૩)

૬ પ્રકારના મનુષ્ય—(૧) ઉત્તમોત્તમ (૨) ઉત્તમ (૩) મધ્યમ (૪) વિમધ્યમ (૫) અધમ અને (૬) અધમાધમ એમ ૬ પ્રકારના મનુષ્યો પૃ ૧૬૨મા ગણાવ્યા છે આ પ્રમાણેના છ પ્રકાર વિષે આ સમર્થકારિકા રચતા પહેલાની કોઈ જૈન કૃતિમા ઉલ્લેખ હોય એમ જાણવામા નથી. જયચન્દ્રસૂરિના શિષ્ય જિનહર્ષગણિએ જે વસ્તુપાલચરિત્ર રચ્યુ છે તેમા અધમાધમ અધમ વિમધ્યમ મધ્યમ, ઉત્તમ ને ઉત્તમોત્તમ એમ મનુષ્યના ૬ પ્રકાર જણાવી તેનુ સ્વરૂપ વર્ણવ્યુ છે

કાવ્ય (કા ૪)મા અનેરી રીતે પુરુષોના ચાર પ્રકારો પડાયા છે

સામાન્ય રીતે મનુષ્યોના ત્રણ પ્રકાર પડાય છે (૧) ઉત્તમ (૨) મધ્યમ અને (૩) અધમ તેમા જેઓ પોતાનો સ્વાર્થ જતો કરી પોતાના સ્વાર્થના ભોગે પણ પરમાર્થ કરે છે તેઓ ઉત્તમ ગણાય છે જેઓ પોતાના સ્વાર્થને આંચ ન આવે એવી રીતે પરમાર્થ કરે છે અને આમ સ્વાર્થ તેમજ પરમાર્થ સાધે છે તેઓ મધ્યમ ગણાય છે જેઓ કઇ સ્વાર્થ ન હોવા છતાં પારકાનું અહિત કરે છે તેઓ અધમ ગણાય છે આ મતલબનું પદ્ય નીચે મુજબ છે —

एते सत्पुरुषा परार्थघटका स्वार्थं परित्यज्य ये
सामान्यास्तु परार्थमुद्यमभृत स्वार्थाविरोधेन ये ।

તેર કાઠિયાથી જે તેર કારણો સમજવાના છે તેનો નિર્દેશ ઉત્તરાધ્યયન (અ ૩)ની નિજ્જુત્તિની નીચે મુજબની ગાથામાં છે —

आलस्स मोहऽवन्ना थंभा कोहा पमाय किविणत्ता ।
भय सोगा अन्नाणा वक्खेव कुऊहला रमणा ॥ १६० ॥ १
एएहिं कारणेहिं लद्धूण सुदुल्लहं पि माणुस्सं ।
न लहइ सुइं हिअकरिं संसारुत्तारणिं जीवो ॥ १६१ ॥ २

અહીં (૧) આળસ (૨) મોહ (૩) અવજ્ઞા (૪) અહંકાર (૫) ક્રોધ (૬) પ્રમાદ (૭) કૃપણતા (૮) ભય (૯) શોક (૧૦) અજ્ઞાન, (૧૧) વ્યાક્ષેપ યાને અનેક કાર્યોને અંગેની વ્યાકુળતા (૧૨) કુતૂહલ અને (૧૩) ક્રીડા એમ તેર કારણો ગણાવાયાં છે આ કારણોને લઈને અતિશય દુર્લભ એવું મનુષ્યપણું મેળવ્યા છતાં જીવને હિતકારી અને સંસારનો પાર પમાડનારું શ્રવણ મળતું નથી

પૃ ૬૨માં નિદ્રાનો તેર કાઠિયામાં જે ઉલ્લેખ કરાયો છે તેનો વાદમાં અંતર્ભાવ થઈ શકે આવું કારણ એ છે કે પ્રમાદના જે પ્રકારો ગણાવાય છે તેમાં નિદ્રાનો ઉલ્લેખ છે આને લગતું પદ્ય નીચે મુજબ છે —

'मज्जं विसय कसाया निद्दा विगहा य पंचमी भणिया ।
एस पमायपमाओ निद्दिट्ठो वीयरागेहिं ॥

આ ગાથા સૂયગડ (સુય. ૧ અ ૮ ગા ૩)ની શીલાંકસૂરિકૃત ટીકા પત્ર ૧૬૮અમાં છે

શબ્દાર્થ-પુષ્પ—પૃ ૭૫માં આ ચિત્ર ઉલ્લેખ છે એને અંગે અભિધાનરાજેન્દ્ર (પૃ. ૪ પૃ ૨૨૭૩)માં તિત્થયરના સ્પષ્ટીકરણમાં નીચે મુજબની ગાથા છે —

૧–૨ આ ગાથાઓ આવસ્સયની નિજ્જુત્તિની ૮૪૧મી અને ૮૪૨મી ગાથારૂપે જોવાય છે અને એનું સ્પષ્ટીકરણ એની ચુણ્ણિ (ભા ૧ પત્ર ૨)માં છે

ઉપદેશરત્નાકર (અ. ૩, ત. ૫, ગા. ૭)ની વ્યાખ્યાના અંતમાં 'તંદુલિયો મત્સ્ય' ઉપર પ્રમાણેના અધ્યવસાયવાળો હોય છે એ વાત છે.

મુનિસુન્દરસૂરિકૃત અધ્યાત્મકલ્પદ્રુમ (અધિ. ૧૪, શ્લો. ૨)માં 'તન્દુલ' મત્સ્ય સાતમી નરકે જાય છે એ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ છે

ધર્મબિન્દુ (અ. ૭)ની મુનિચન્દ્રસૂરિકૃત ટીકા (પત્ર ૯૧ અ)માં પણ આ જ હકીકત છે

જીવાજીવાભિગમના સુત્ત ૫૯ની તેમજ સુત્ત ૨૨૨ની મલયગિરિસૂરિકૃત વૃત્તિમાં ૭૮આ તેમજ ૪૦૭અ પત્રમાં કહ્યું છે કે સાતમી નરકમાથી નીકળી તન્દુલ–મત્સ્યના ભવમા અંતર્મુહૂર્ત રહી ફરીથી સાતમી નરકે જાય છે. આમાં જે અંતર્મુહૂર્તનો ભવ છે તેને ન ગણીએ તો સાતમી નરકમા બે વારનુ તેત્રીસ સાગરોપમ સુધીનુ આયુષ્ય ગણતા છાસઠ સાગરોપમ થાય છે અને એ હકીકત **ઉસભપંચાસિયા**ના ૧૪૩મા પદ્યમા છે.

"ઋષભપંચાશિકા અને વીરસ્તુતિયુગલરૂપ કૃતિકલાપ" નામનુ જે પુસ્તક મે અનુવાદાદિ સહિત સંપાદિત કર્યું છે તેનાં પૃ. ૧૩૯–૧૪૧મા મે આ વિષય અવતરણપૂર્વક વિચાર્યો છે. અહી એ ઉમેરીશ કે કુન્દકુન્દ નામના દિગંબર આચાર્યે રચેલા મનાતા **ભાવપાહુડ** (ગા ૮૬)મા ૩'સાલિસિત્થ' નામના મત્સ્યનો ઉલ્લેખ છે. એના ઉપર શ્રુતસાગરે કરેલી

---

૧ "वुच्छं अपत्थिआगयमच्छभवंतोमुहुत्तवसिएण ।
छावट्ठी अयराइं निरंतरं 'अप्पइट्ठाणे' ॥ ४३ ॥"

૨ "मच्छो वि सालिसित्थो असुद्धभावो गओ महानरयं ।
इय णाउं अप्पाणं भावह जिणभावणा णिच्चं ॥ ८६ ॥"

૩ એના માટે શ્રુતસાગરે નીચે મુજબ કહ્યું છે—
"तन्दुलसिक्थप्रमाणशरीरत्वान्नाम्ना शालिसिक्थ"

ગીમ (૧૫ ૨ ૩ આ)મા એનુ જે વર્ણન અપાયુ છે તે તદુચિત મત્સ્યને મળતુ છે આ ૩ નવાઈ જેવુ નથી કેમકે પ્રજ્ઞાપનામાં તો આ બન્ને મત્સ્યનો ભિન્ન ભિન્ન ઉલ્લેખ છે? એ ગમે તે હો દિગંબર આચાર્ય દરિાજે તો તા. સવત ૮૫ અથત્ ૬ સ ૯૨૧ રમા પૂર્ણ કરેના અદ્ભુત-ચામાગ (-૯૧)મા પણ શાલિનિ_થ-સ્થાન' છે અને એ ગતાન્ત તદુલ-મત્સ્યના અધિકારને મળતો આવે છે

દેવનુ ૨૯-૫—દેવ મરીને દેવ થાય નહિ (૫ ૭) દેવ નાથા ઉમુસ્થાનકી આગળ નહિ (૮) તે કોઈના માયા મરનહિ (૫ ૮) દેવનુ શરીર વહિય ન્યાય (૫ ૯) ૨ વ સચિત મગી ખાય છે (૫ ૯) મનુષ્ય મુકીભ છે તો દેવ અમ ભ્યત છ (૫ ૧) દેવની ઉત્પત્તિમાં દેવની હાજરીની જ નાદ (૧) મનુષ્યની જિન્દગીમા અમખ્યાન દેવાનુ ચ્યવન થાય છ (૫ ૮) તિયચાનુ થાય દેવાને ભ્ ગી ખે છ (૬ ૧) અને ઉપમા કે તા નરકા—નાખો—અનતગણો મદના ભોગવવા મટે દેવગતિ (૬ ૮૭)

'ધર્મિનિર' નર્પ—૬ પ૧મા ચન્દ્રમહિમનો દષ્ટિવિષ સપ તરીકે ઉલ્લેખ છે અટન એ સબધમા થાડ઼ક કહીશ જૈન દાર્શનિક સાહિત્યમા—ઉત્તરાધ્યયન, પ્રજ્ઞાપના ઇત્યાદિ આગમામા પણ ઉરાના જાતિ-પ્રને વિચારાયા છ તેમ કની જેમ પચનિદ્રય સ્થાવર પ્રાણી ભેોના પ્રમાણે ગણાવાની જેમ દ પરસપનો ઉલ્લેખ કરાયો છ એમા અનેક પ્રકારના નપનો સમાવેશ થાય છ પ્રજ્ઞાપનામા જે જાતના ખિો ગણાવાયા છ તેમા દષ્ટિવિષ સપનુ કે કુકુટ સપનુ નામ નથી

૧ જુઓ માણિકચન્દ્ર દિગંબર જૈન ગ્રન્થમાળા મા ગ્રન્થાક ૧ તરીકે પ્રસિદ્ધ થયેલ ૧ પ્રાનતાદિસમદ્

સરખાવો "તર્ન મુક્ત્વા સ્વર્ગગોઽદ્ વિના નૈ ક્ષીણ પુણ્યમનઃકોઽદ્ વિના તે"
—ભગવદ્ગીતા (અ. ૯ શ્લો. ૨૧)

૩ દેવનન્દસૂરિકૃત પાર્શ્વનાથચરિત્ર (પત્ર ૧)માં કમઠના ભવાની રજૂઆતમાં એ કકુટ નાગ હતો એવો ઉલ્લેખ છે

મૂર્તિ—મૂર્તિ એ આદર્શનું આલંબન છે (પૃ. ૧૭૭)

„—દેવની મૂર્તિ એ આત્મા માટે નકશો, આદર્શ, પ્લાન છે. (પૃ ૧૭૭)

જડ—દરેક આસ્તિક વર્ગે દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણેયની જડ દેવમા ગણી છે. (પૃ. ૧૭૫).

ધર્મનું સ્વરૂપ—ધર્મના ઘણા ભેદો છે એ તો ધર્મનું ગૌરવ બતાવે છે. (પૃ ૧૭૨)

દુનિયામા સાચા ધર્મની જેટલી નકલો થઈ છે તેટલી બીજી કોઈ ચીજની નકલો થઇ નથી. (પૃ. ૭૮)

ધર્મની ઑફિસ—આ ઑફિસ ગેરકડિયા કેમ નહિ એ વાત યુક્તિ દ્વારા પૃ ૭૯મા અને ૮૪મા સમજાવાઈ છે.

જાહેરાત—ધર્મની જાહેરાત દેવને અંગે છે. (પૃ. ૧૭૫)

અકામ નિર્જરા—સમ્યક્ત્વ સિવાયની જે નિર્જરા તે અકામ નિર્જરા ગણાય (પૃ. ૧૬૫)

અનુષ્ઠાન અને માફીની વ્યવસ્થા—જૈન શાસનમાં અનુષ્ઠાન પુદ્ગલની બાજી માટે નથી, પણ તેની સંકેલબાજી માટે છે. (પૃ ૨૮)

માફી માગવાની તથા આપવાની પ્રણાલિકા આવશ્યક નિયમરૂપે કેવલ જૈનોમા જ છે. (પૃ ૨૮)

અહિંસા અને દયા વચ્ચેનો ફરક—આ હકીકત પૃ. ૬૬–૬૯ અને ૭૨મા સમજાવાઇ છે.

વિશિષ્ટ શબ્દો—સામાન્ય રીતે ભાગ્યે વપરાતા એવા જે શબ્દો આ વ્યાખ્યાનોમા કોઇકિ વાર નજરે પડે છે. એની હુ અહી નોધ લઉ છુ.

ચરી (પૃ ૫૭). આના બે અર્થ છે (૧) બેહક બેઠેલા ઢોરને ઊભુ રાખવાની લાકડાની ઘોડી અને (૨) કરી યાને પરેજી બીજો અર્થ અત્ર પ્રસ્તુત છે.

જોગાનજોગ (પૃ ૭૩) જોગાનજોગ એ અવ્યય છે એનો અર્થ જોગ આવી મળવાથી બનવા કાળ હોવાથી એમ છે

ટાપુ (પૃ ૪૭) (૧) મળવા જવું અને (૨) ફેરો યાને આંટો એમ આના બે અર્થ છે ટાપુ યું એવો પણ શબ્દ છે એનો અર્થ ફેરો-આંટો ખાવાનુ કામ એ છે

ઢા(ં)ઘળાપણુ (પૃ ૧૬૯) આનો અર્થ અવ્યવસ્થિતપણુ છે

ધોથું (પૃ ૮૬) આના ત્રણ અર્થ થાય છે (૧) પોલો સળગો (૨) ભટેતુટેલુ કે વખાણની દૃષ્ટિએ નકામુ પુસ્તક અને (૩) ધૂંક નીર ત્રીજો અર્થ અત્ર પ્રસ્તુત છે

ધાગાપચ્ચી (પૃ ૬૧) ધાગો એટલે દોરો એનાથી ઓળખાય તે ધાગાપચ્ચી

પળી (પૃ ૫૩) આનો અર્થ 'મગ્ગી કે જે લામાથી ઘી તેલ માપવાનુ એક લોઢાનુ સાધન એ છે

બોરા (પૃ ૧૭૪) આનો અર્થ બોર છે બોરા શબ્દ નરસિંહ મહેતાના એક પદમાં છે પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે—

હામે રે ભેરૂ બોરડી રે પાની તેના તે મેઠા બોરા ?

ધોમ્યુ (પૃ ૯૯) રૂ ભરેલો મોટો અથાત્ માટો કોથળો

